Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૦ • તા. ૧૬ મે થી ૨૨ મે ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ગેટ ટુગેધર કાર્યક્રમ તા. ૨૬/૦૪/૨૦૧૫ના રવિવાર



માંગલિક સંભળાવવા
મ.સા.શ્રી અનંતયશાશ્રીજી નું આગમન



સરસ્વતિ વંદના કરતા ટ્રસ્ટીગણ




મહાનુભવોનું સ્વાગત કરતા
શ્રી ઠાકરશીભાઈ ગોસર



હળવીપળ માણતા ટ્રસ્ટીઓ
તથા મહાનુભવો




સ્વાગત પ્રવચન
આપતા
શ્રી ઠાકરશીભાઈ
ગોસર



સ્ટેજ પર
બીરાજેલ
મહાનુભવો



કાર્યક્રમ માણતા ટ્રસ્ટીઓ
તથા મહાનુભવો



હળવીપળ માણતા શ્રી શીવજીભાઈ,
શ્રી ચાંપશીભાઈ તથા શ્રી અનિમેષભાઈ



કાર્યક્રમ માણતા
શ્રી નયનભાઈ, શ્રી વૈભવ મોતા

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ગેટ ટુગેધર કાર્યક્રમ (વધુ તસવીરો ૨૭ મા પાને)



પ્રાસંગિક પ્રવચન કરતા ટ્રસ્ટી
શ્રી નયનભાઈ ભેદા




પ્રાસંગિક પ્રવચન આપતા શ્રી નરેશભાઈ મોમાયા



શ્રી રાયચંદ હંસરાજ ધરમશી વતી
શ્રી શીવજીભાઈ વિકમશીના હસ્તે
બહુમાન સ્વીકારતા શ્રી રવિભાઈ ધરમશી



શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી
શ્રી કલ્પેશભાઈ મોતાનું બહુમાન કરતા
શ્રી ચાંપશીભાઈ લોડાયા



શ્રી કાનજી નરશી મુનવર વતી
શ્રીમતી દમયંતીબેન લોડાયાના હસ્તે
બહુમાન સ્વીકારતા કાંતાબેન કાનજી મુનવર



શ્રી ગોવિંદજી પુનશી મોમાયા વતી
શ્રી કીરીટભાઈ લાપસીયાના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના પુત્ર-પુત્રવધુ



શ્રી વેરશી માડણ મૈશેરી વતી
શ્રીમતી દમયંતીબેન લોડાયાના હસ્તે બહુમાન
સ્વીકારતા ડો. ઈલાબેન તથા પરિવારજનો



શ્રી ગોવિંદજી વિશનજી શાહ વતી
શ્રી કીરીટભાઈ લાપસીયાના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના સ્વજના



શ્રી વિશનજી હીરજી દંડ વતી
શ્રી ચાંપશીભાઈ લોડાયાના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના પુત્રો



શ્રી ગોવિંદજી જીવરાજ લાલકા વતી
શ્રી નયનભાઈ ભેદાના હસ્તે બહુમાન
સ્વીકારતા તેમના પુત્ર તથા પુત્રવધુઓ



શ્રી પોપટભાઈ રામજી ધરમશી વતી
શ્રી નિલેશભાઈ વિકમશીના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના પરિવારજનો



શ્રી પાશ્વીરભાઈ ડાહ્યાભાઈ ખોના વતી
શ્રી હરીશભાઈ લોડાયાના હસ્તે બહુમાન
સ્વીકારતા સરલાબેન તથા કૌશલભાઈ ખોના

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ગેટ ટુગેધર કાર્યક્રમ

શ્રી વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ, શેઠ નરશીનાથા કચ્છી જૈન બાલાશ્રમ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનો ગેટટુગેધરનો કાર્યક્રમ તા. ૨૬/૦૪/૨૦૧૫ના રવિવારના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૨.૩૦ દરમ્યાન જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા સભાગૃહ હોલ, ભાંડુપ ખાતે યોજાયેલ.

વિદ્યાર્થીગૃહના મકાનના નવનિર્માણ કાર્યથી સર્વેને પરિચિત કરવાના આશયથી યોજાયેલ કાર્યક્રમમાં અંદાજીત ૩૫૦ થી વધુ સંખ્યામાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી ચેતનાબેન હરિયાના ગાયકવૃંદે ગણપતિવંદના, તથા નવકારમંત્ર સાથે કાર્યક્રમની શરૂઆત કરી વાતાવરણને ધાર્મિક ઓપ આપ્યો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કાઉન્ટર પર તેમની વ્યક્તિગત માહિતી સાથેનું ફોર્મ ભરી ચા-નાસ્તાને ન્યાય આપી કાર્યક્રમમાં હાજરી આપી હતી.

પૂ. મ.સા. ચારુપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા મ.સા. અનંતયશાશ્રીજીએ ગુરુવચન અને આશિર્વાદ આપી, સંસ્થાના મે. ટ્રસ્ટી શ્રી શીવજીભાઈને જૈફ ઉંમરે કરી રહેલ સેવાની અનુમોદના કરી; તેમને પાયાના પત્થર સાથે સરખાવ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માતૃસંસ્થાના ઉધ્ધાર અને ઋણમુક્ત થવાના મળેલ અવસરનો લાભ લઈ જ્ઞાતિની ગરિમા વધારવાનું સૂચન કરેલ.

સરસ્વતી માતાના ફોટોને હાર પહેરાવી અને દિપ પ્રગટાવી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી.

કાર્યક્રમનું સંચાલન સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના મનોરંજનક્ષેત્રે નામાંકિત એંકર શ્રી વૈભવ મોતાએ આગવી સુઝ અને હાજર વ્યક્તિઓનો રસ જળવાય તેવા અંદાજથી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વ્યક્તિઓમાં રહેલી પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિના ઉદાહરણ આપી સમજાવી વૈભવે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઋણ મુક્ત થવાના અવસરની સરસ સમજણ પાડી હતી.

સંસ્થાના ટ્રસ્ટી ત્થા આજના કાર્યક્રમના પ્રમુખ શ્રી શીવજીભાઈ વિકમશી, ટ્રસ્ટી અને કાર્યક્રમના કન્વિનર શ્રી ઠાકરશીભાઈ ગોસર, ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લાપસીયા, ટ્રસ્ટી શ્રી નયનભાઈ ભેદા, ટ્રસ્ટી શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા, કમીટીના પ્રમુખ શ્રી મધુકાંત ખોના, માનદમંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, સહ-માનદમંત્રી શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયા, નરશી નાથા બાલાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી તથા મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા, ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સમાજના મોભી શ્રી ચાંપશીભાઈ લોડાયા અને શ્રી શાંતિલાલભાઈ નાગડા સ્ટેજ પર ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઠાકરશીભાઈ ગોસરે સર્વેનું સ્વાગત કર્યુ હતું તેમજ સંસ્થાના મકાનના નવનિર્માણ પ્રોજેક્ટની રુપરેખા આપી હતી. ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રોજેક્ટમાં સહકાર આપવાની પણ તેમણે હાકલ કરી હતી.

શ્રી શીવજીભાઈએ તેમના વ્યક્તત્વમાં; જ્ઞાતિમાં વિવિધ તબક્કે આવેલી ક્રાંતિનો ફોડ પાડ્યો હતો જેમાં પ્રથમ જ્ઞાતિની ક્રાંતિમાં એમણે શેઠશ્રી નરશીનાથાનું કચ્છમાંથી મુંબઈ સ્થળાંતર ગણાવ્યું હતું. શેઠ નરશીનાથા કચ્છથી મુંબઈ આવ્યા તો અન્ય જ્ઞાતિજનો પણ મુંબઈ આવવાની હિંમત કરી શક્યા અને આજે ૫૦ ટકા જ્ઞાતિની વસ્તિ મુંબઈમાં સ્થિત છે.

તેમના મતે જ્ઞાતિની બીજા નંબરની ક્રાંતિ એટલે જ્ઞાતિના વિચક્ષણ પુરુષો એવા શ્રી લખમશી હીરજી મૈશેરી, શ્રી ગોવિંદજી મુલશી મેપાણી, શ્રી જેઠાભાઈ વર્ધમાન તેમજ જેઠાભાઈ દામજી મેઘજીએ જ્ઞાતિમાં સાક્ષરતા લાવવાના પ્રયાસ અર્થે ૧૯૦૪માં કરેલ વિદ્યાર્થીગૃહની સ્થાપના. જેના ફળરુપે આજે આખી જ્ઞાતિ સાક્ષર બની છે.

સન ૧૯૫૩માં કોઈના ધ્યાનમાં ન આવેલી ત્રીજી ક્રાંતિ એટલે વિદ્યાર્થીસંઘની સ્થાપના; જેમાં વિદ્યાર્થીગૃહના જ વિદ્યાર્થીઓએ સંઘની પ્રવૃતિઓ સંભાળી અને કન્યા કેળવણીની હિમાયત કરવા માટે તેમની ગ્રેજ્યુયેટ અને ભણેલી બહેનો જેમકે દમયંતિ સનત શાહ, સરલા પદમશી ખોના, રતનબેન કુંવરજી મોતા, ધનબાઈ થોભણ દેવેજીની કમીટી બનાવી ઘરેઘરે જઈને માતાઓને સમજાવી બહેનોને ભણવાની ભલામણ કરી જેના ફળસ્વરૂપે કન્યા કેળવણીનો એવો ફેલાવો થયો કે આજે ભાઈઓ કરતા બહેનો વધુ તેજસ્વી અને ભણેલી છે.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી, શ્રી હીરેનભાઈ મણીલાલ દંડ અને શ્રીમતી કિર્તિદા મેકાનીના સિંહફાળા અને સ્વેચ્છાએ સામે આવીને આપેલ અનુદાનને તેમણે ચોથી ક્રાંતિની શરૂઆત ગણાવી હતી તેમજ જ્ઞાતિની આ શિક્ષણ તરફી જાગૃતિને શુભચિન્હ ગણાવ્યું હતું. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે જો સારો ફંડફાળો એકઠો કરી આ ક્રાંતિને સફળ બનાવીશું તો શૈક્ષણિક ધોરણે આપણી જ્ઞાતિ અન્ય જ્ઞાતિઓ કરતા ખૂબ જ આગળ આવી જશે. શિક્ષણને ઘરે ઘરે પહોંચાડી, શિક્ષણનો વ્યાપ અને ધોરણ વધારવા મહેનત અને ફંડસ ભેગા કરવા

ખૂબજ મહેનત કરવાની રહેશે અને આમાં જો ઢીલ કરીશું તો આપણી જ્ઞાતિની હાલની જે સ્થિતિથી તેનાથી ઉતરતી કક્ષાએ પહોંચી જઈશુ.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યા અને સમાજના મોભી એવા શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા-લોખંડવાલા તેમજ શ્રી નયનભાઈ ભેદા અને તેમના નેપચ્યુન ગ્રુપના સ્ટાફ અને વિશેષમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા નેપચ્યુન ગ્રુપના સિનિયર એક્ઝ્યુકુટીવ શ્રી અનીમેષભાઈ ધરમશીના પ્રોજેક્ટના કામકાજમાં મળી રહેલ સહકારની શ્રી શીવજીભાઈએ ખૂબ ખૂબ અનુમોદના કરી હતી. સર્વે પોતાના કામકાજની વ્યસ્તતા છતાં વ્યક્તિગત સાઈટ પર પહોંચી મકાનના કામકાજમાં જ રસ દાખવે છે તે ખરેખર અનુમોદનીય છે તેમ શ્રી શીવજીભાઈએ કહ્યું હતું. આ ત્રણે જણાએ મકાન બાંધકામની સંપુર્ણ જવાબદારી ઉપાડી લીધેલ છે. અંતમાં શ્રી શીવજીભાઈએ બધા ભૂતપૂર્વ છાત્રોને અનુરાધ કરેલ કે પોતે આ સંસ્થાની મદદથી જીવનમાં આજે જે દરજ્જે પહોંચ્યા છે તેને યાદ કરી; વિદ્યાર્થીગૃહના શુભ નવનિર્માણ પ્રસંગે પોતાથી થાય તેટલી સર્વોત્કૃષ્ઠ મદદ સંસ્થાને તાત્કાલિક રીતે કરવી જોઈએ.

શ્રી નરેશભાઈએ તેમના વ્યક્તત્વમાં જણાવ્યું હતું કે સંસ્થાના એવા ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે જે આજે સમાજમાં તેમજ તેની કારકિર્દીમાં ખૂબજ સફળ થયા છે. શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી ટ્રસ્ટ, શ્રી કેડીઓ મહાજન મુંબઈ, શ્રી અરિહંત કો.ઓ. બેંક, ડોંબિવલી મંડલ જેવી સંસ્થાઓમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉચ્ચ સ્થાને બીરાજ્યા છે. કોઈમ્બતુર, ખંડવા, રાયપુર, નાસિક વગેરે વગેરે ગામના મહાજન તરીકે પણ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સેવા આપી રહ્યા છે. શ્રી નરેશભાઈએ હાજર રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક કમીટી બનાવવાની ભલામણ કરી હતી અને આ કમીટી ભવિષ્યમાં સંસ્થાની પ્રવૃત્તિઓમા રસ લઈ તેનો કારભાર સંભાળે તેમજ અત્યારે સંસ્થાના નવનિર્માણમાં બને તેટલી વધુમાં વધુ મદદ કરે તેવી ઈચ્છા તેમણે વ્યક્ત રી હતી.

શ્રી નરેશભાઈએ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ જેમણે ટ્રસ્ટી, સેક્રેટરી, પ્રમુખ જેવા ઉચ્ચ સ્થાન શોભાવ્યા અને સંસ્થાને દીર્ઘસેવા આપી; સંસ્થાની પ્રગતિમાં અનન્ય ફાળો આપ્યો અને હાલ આપણી વચ્ચે હાજર નથી તેવા; શ્રી વિશનજી હીરજી દંડ, શ્રી વેરશી માડણ મૈશેરી, શ્રી ગોવિંદજી પુનશી મોમાયા, શ્રી ગોવિંદજી વિશનજી શાહ, શ્રી કાનજી નરશી મુનવર, શ્રી ગોવિંદજી જીવરાજ લાલકા, શ્રી વિરચંદ લાલજી મુનવર, શ્રી પોપટભાઈ રામજી ધરમશી, શ્રી હીરાચંદ જીવરાજ મૈશેરી, શ્રી પાશ્વીર ડાહ્યાભાઈ ખોનાના કુટુંબીજનોને સ્ટેજ પર બોલાવી તેમનું મરણોત્તર બહુમાન કર્યું હતું. સંસ્થાના સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વહાલા એવા શ્રી વિનોદભાઈ જેતશી ધુલ્લાના પરિવારજનોને બોલાવી; શ્રી નરેશભાઈએ ધુલ્લા સરનું મરણોત્તર બહુમાન કર્યુ હતું.

શ્રી નરેશભાઈએ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે આજે તેમની સામાજીક સેવા થકી જ્ઞાતિમાં તેમજ તેની કારકિર્દિમાં ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે તેવા શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા, શ્રી બીપીન પાશ્વીર નાગડા, શ્રી હેમરાજ મેઘજી ગોસર; શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા અને શ્રી રમેશભાઈ હીરજી લોડાયાનું પણ બહુમાન કર્યુ હતુ.

દરેક વ્યક્તિઓએ પ્રસંગોચિત તેમનું વ્યક્તત્વ આપ્યુ હતું અને વિદ્યાર્થીગૃહને તેમના નવનિર્માણ કાર્યમાં શુભકામના આપી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જીવરાજ કિલાચંદ લોડાયાએ તેમના વિદ્યાર્થીગૃહના જૂના સંસ્મરણો તાજા કરી હાજર રહેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તન, મન, ધનથી પ્રોજેક્ટમાં સહકાર આપવાની હાકલ કરી હતી.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી નયનભાઈ ભેદાએ તેમના અભ્યાસ અર્થે તેઓ થોડા દિવસ વિદ્યાર્થીગૃહમાં રહ્યા હતા તેની જુની યાદો તાજી કરી હતી. મકાનના નવનિર્માણમાં નેપચ્યૂન ગ્રુપના સ્ટાફની અને વિશેષમાં શ્રી અનીમેષભાઈ ધરમશી જેઓ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમની તથા અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થી અને લોખંડી પુરુષ એવા શ્રી ચાંપશી માણેકજી શાહ (લોડાયા)ની મકાન બાંધકામ તથા તેને લગતા ફંડોના કલેક્શન માટે કરી રહેલ સખત મહેનતની અને સહકારની જાણકારી આપી હતી.

શ્રી વૈભવ મોતાએ સંસ્થાના તૈયાર થઈ રહેલ નવા મકાનની સીડી બતાવી હતી; જેમાં વિદ્યાર્થીઓ માટે બનવા જઈ રહેલ રુમ તેમજ અન્ય સુવિધાઓ જેવી કે ડાઈનીંગ હોલ, સ્ટડી રુમ, જીમ રુમ, સ્પોર્ટસ રુમ, લાઈબ્રેરી-રીડીંગ રુમ વગેરે સમજ આપી હતી.

કાર્યક્રમ દરમ્યાન ચેતનાબેન હરીયાની ટીમે પ્રસંગને અનુરૂપ ગીતો જેવાકે સાથી હાથ બઢાના; યારા તેરી યારી વગેરે વગેરે ગાઈને શ્રોતાઓને ઉત્સાહીત કર્યા હતા.

કાર્યક્રમ સમાપનમાં સંસ્થાના સહમાનદ્મંત્રી શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયાએ સર્વે ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ; ટ્રસ્ટીઓ, અધિકારીઓ, દિવંગત ટ્રસ્ટીઓના કૌટુંબિક સભ્યોનો, આભાર માની સર્વેને ભોજન ગ્રહણ કરવાનું આમંત્રણ આપ્યું.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટી અને કન્વિનર શ્રી ઠાકરશીભાઈ ગોસર, અધિકારીઓ શ્રી મધુકાંતભાઈ ખોના, શ્રી નરેશભાઈ મોમાયા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી શાંતિલાલભાઈ નાગડા, શ્રી પદમભાઈ લોડાયા, શ્રી રમેશભાઈ ખોના, શ્રી પ્રતિક નાગડા, શ્રી વૈભવ મોતા, શ્રી અનુજ લોડાયા, શ્રી ઉત્તિન ધરમશી, શ્રી ચિંતન ગ્રાફીક્સના શ્રી મુકેશભાઈ લોડાયાએ ખૂબ જ મહેનત કરી, તેમના કિંમતી સમયનો ભોગ આપ્યો હતો.

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ

### –: ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જાહેર અપીલ :–

શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી નરશીનાથા કચ્છી જૈન બાલાશ્રમ, નલીઆ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. કન્યાછાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના; તા. ૨૬.૦૪.૨૦૧૫ ના શ્રી નરશીનાથા સભાગૃહ, અનંતસિધ્ધિ, ભાંડુપ ખાતે યોજાયેલ **ગેટ ટુગેધર** કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનાર સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા મહેમાનોનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર.

કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના મકાનના નવનિર્માણથી સહુ પરિચિત થયા; હવે સમય છે ખભા ખભે મેળવી સહકાર આપવાનો. સર્વે ઉપસ્થિત અને સંજોગવશાત અનઉપસ્થિત રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રોને જાહેર અપીલ કરીએ છીએ કે આવો સાથે મળી એક એક ટીમ બનાવીએ અને માતૃઋણ ચુકવવાના આવેલ અવસરને ન્યાય આપવા તન, મન, ધનથી જે પણ રીતે શક્ય હોય તે રીતે એક થઈ ઋણમુક્ત થઈએ.

*સાથી હાથ બઢાના, સાથી હાથ બઢાના*
*એક અકેલા થક જાયે તો મિલકર બોજ ઉઠાના,*
*સાથી હાથ બઢાના.......*

**ઠાકરશી મેઘજી ગોસર**
ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા કાર્યક્રમના કન્વિનર

**નરેશ ભવાનજી મોમાયા**
ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સંસ્થાની મે.કમીટીના માનદ્મંત્રી

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

ચાલુ શૈક્ષણિક વર્ષના હોસ્ટેલ એડમીશન ફોર્મ, લોન સહાયના અરજીફોર્મ તથા શાળા ફી સહાયના અરજીફોર્મ સંસ્થાની વેબ સાઈટ **www.kdoedu.com** પરથી ડાઉન લોડ કરી શકાશે. સંપૂર્ણ વિગત ભરી જરૂરી ડોક્યુમેન્ટસ સાથે હોસ્ટેલ એડમીશન માટેના ફોર્મ તા. ૩૧.૫.૨૦૧૫ સુધી તેમજ લોન અને ફી સહાયના ફોર્મ તા. ૩૦.૬.૨૦૧૫ સુધી સંસ્થાની ઓફિસે મોકલાવવાના રહેશે.

## શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૦૨૩૫
મુંબઈ કાર્યાલય: C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.



### શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા ભાવભર્યું આમંત્રણ.....



અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશિર્વાદથી પ.પૂ. સાધ્વી શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. ના શિષ્યા, પ.પૂ. સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા, પ.પૂ. સાધ્વી શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. કોમલગિરાશ્રીજી મ.સા. તથા બાલ સાધ્વી પ.પૂ. સિધ્ધગિરાશ્રીજી મ.સા. આદિ ઠાણા** - ૨ નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **નિજ અષાઢ સુદ ૧૨ને સોમવાર, તા. ૨૭-૦૭-૨૦૧૫** ના શુભ દિવસે થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. શુક્રવાર, તા. ૧૧-૦૯-૨૦૧૫ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ.

**•••●● શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે ●●•••**

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**
**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 20/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# બાળ સંસ્કાર શિબિર

□ ગીતા જૈન

બાળઉછેર પર આજે દુનિયાભરમાં વિચારણા અને કાર્યો થઈ રહ્યાં છે. ડૉક્ટર્સ, વૈજ્ઞાનિકો, ચિંતકો, વિચારકો આ સંદર્ભે વિશેષ વિચારતા થયા છે. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', ગિજુભાઈ બધેકા જેવા અગ્રણી કેળવણીકારોએ પણ આ અંગે નોંધપાત્ર વિચારણા કરી બાળઉછેરની અગત્યતા પર મહોર મારી છે. આ શ્રેણીમાં કોઈ જૈન મુનિ કામ કરવાનું વિચારે ત્યારે એ વાત વિશેષ આનંદ પમાડે તેવી બની રહે છે. વળી, આ પ્રવૃત્તિમાં સહભાગી બનવાની તકથી મને પરમ સૌભાગ્યની અનુભૂતિ થાય છે.

બાળમાનસરૂપી કૂણાં ખેતરમાં સંસ્કારોની ખેતી કરી સંસ્કૃતિની ફળદ્રુપતાને પોષવાનું આવું ઉમદા કાર્ય આજથી પંદરેક વર્ષ પૂર્વ ઉપાડ્યું હતું પાર્શ્વચંદ્રગચ્છના પ.પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબે. સંસ્કૃત, પ્રાકૃત જેવી વિભિન્ન ભાષાઓના સાહિત્યના અભ્યાસી સંશોધક પૂજ્યશ્રીએ 'સમણસુત્તં, 'નિયતિ દ્વાદશિંકા', 'સિદ્ધસેન શતક', જિન સ્તવન ચતુર્વિંશતિકા' જેવા ચિંતન-મનન થકી અનેકવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓના પ્રણેતા એવા-બાલ્યાવસ્થામાં જ સાધુતાને વરેલા એવા-પૂજ્યશ્રીએ બાળ ઘડતરનું કામ ઉપાડ્યું ને આરંભાયું કુણી માટીને સુંદર ઘાટ આપવાનું એક અભિયાન. આ પ્રવૃત્તિને નામ અપાયું 'બાળ સંસ્કાર શિબિર' શિબિરને કોઈ સાંપ્રદાયિક નામ ન અપાયું જેથી માત્ર જૈન જ નહિ બલ્કે જૈનેતર બાળકો પણ એમાં જોડાઈ શકે. સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી ઊભો કરવાને બદલે ભવિષ્યનો એક સારો માણસ બને એવો એક પ્રયોગાત્મક પ્રયાસ ધીરે ધીરે આકાર લેવા માંડ્યો. શ્રી વર્ધમાન સર્વ મંગળ ટ્રસ્ટ 'ધર્માલયમ્', ના નેજા હેઠળ શરૂ થયેલી આ શિબિરોને વેગ મળતો ગયો, ને બાળ ઘડતરની આ પ્રવૃત્તિ પ્રસરતી ચાલી...

બાળ સંસ્કાર શિબિર કચ્છના નાના-નાના ગામડોઓમાં શહેરની માયાજાળથી દૂર દિવાળી તેમજ ઉનાળાના વેકેશનમાં ગોઠવવામાં આવે છે, જેમાં મુંબઈ, અમદાવાદ જેવા શહેરના બાળકો આનંદ-મજા કરવાના દિવસોમાં સંસ્કારનું પાન કરે છે. પ્રવાસ, પિકનિક, અમનચમનની સાથોસાથ બલ્કે વિશેષપણે આ પ્રકારની તાલીમની આવશ્યકતા સમજનાર મા-બાપ પોતાના

**૧લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો**

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

**અમારી બેંક રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અન્ય નામે લખાયેલ ચેક સ્વીકારતી નથી માટે ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે જ લખવા**

બાળકોને ખૂબ ભરોસા સાથે આ શિબિરમાં મોકલે છે. બાળકોને મુંબઈથી કચ્છ લાવવા-લઈ જવાની, તેમની રહેવા-જમવા આદિની સઘળી આર્થિક જવાબદારી જે-તે આયોજક સંઘ ઉઠાવે છે. બાળકોની સંભાળ માટે સ્વયંસેવકોની ટીમ પણ હંમેશા તત્પર રહે છે.

અત્યારની આધુનિક જીવનશૈલી બાળકોને સ્વકેન્દ્રી બનાવી દે છે. શ્રીમંત પરિવારના બાળકો પાસે પોતાનો આગવો રૂમ, રમકડાં, ગેમ્સ, ટી.વી., મોબાઈલ હોવાને લીધે વહેંચવું તેમને ગમતું નથી. અહીં બાળકો વહેંચતા શીખે છે. વહેતા શીખે છે. એમનું કોરાપણું, સ્વકેન્દ્રીપણું અહીં પ્રવાહી બનીને વહેવા લાગે છે. આ શિબિરમાં બાળકો સાથે રહે, રમે, જમે, ભણે, સૂવે-સામાન્ય લાગતી આ બાબત બાળઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવી જાય છે. સહચર્યનો આનંદ બાળકો અહીં પ્રાપ્ત કરે છે.

ધાર્મિક પૃષ્ઠભૂમિમાં પણ બાળકો આજના આધુનિક યુગ સાથે કેવી રીતે તાલમેલ બેસાડી શકે તેનું શિક્ષણ અહીં અપાય છે. અહીં આ બાળકોને સાધુજીવનચર્યાને નજીકથી જોવાની અનુકૂળતા મળે છે. અહીં શહેરના બંધિયાર ઘર અને શાળામાંથી બાળકોને મુક્તિ મળે છે. અને પ.પૂ.મ.સા.ની યુનિવર્સિટીમાં એમનો પ્રવેશ થાય છે. અહીં ધર્મના નિયમો જડતાપૂર્વક નહિ પણ તર્કબદ્ધ રીતે સમજાવવામાં આવે છે. હવેની પેઢી પર કશું થોપી નહિ શકાય. આજ્ઞાની સાથે એમને સમજણ પણ આપવી પડશે; આ શિબિરમાં આવો સમન્વય થતો જોઈ શકાય છે.

પ.પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મ.સા.નો એક વિચાર છે કે Catch them young. કોરી પાટીમાં જેવું લખવું હશે તેવું લખાશે તો જેમાં ઘડાવાની શક્યતા છે તેને યોગ્ય ઘાટ આપવાનો એક નમ્ર યત્ન એટલે બાળ સંસ્કાર શિબિર.

આ શિબિરમાં દિવસનો આરંભ યોગાભ્યાસથી થાય છે. બાળકોના શારીરિક સ્વાસ્થ બાબતે પણ અહીં વિચારાય છે. બાળકો દરરોજ પ્રભુદર્શન, ગુરૂવંદન કરીને પછી જ નવકારશી કરે છે. ભાગદોડ ભરી જિંદગીમાં પ્રભુદર્શન કે ગુરુસંગના આવા અવસરો મળે તે પણ કંઈ ઓછું ન કહેવાય. દરરોજ વ્યાખ્યાનમાં બાળસહજ શૈલીમાં પૂજ્યશ્રી ધર્મ-સંસ્કારની વાતો કરે, બાળકો પ્રભુ પૂજાનો આનંદ પણ અહીં મેળવે. બપોરે સૂત્રપાઠ કરાવવામાં આવે અલ્પાહારના વિરામ બાદ તેમના તત્ત્વજ્ઞાનના વર્ગ હોય. જૈન તત્ત્વજ્ઞાનની ગૂઢ વાતોને બાળકોના સ્તરૈ પૂજ્યથી દ્વારા સમજાવવામાં આવે. ત્રણ ભાષા ગુજરાતી, હિન્દી, અંગ્રેજીના ઉપયોગથી ત્રણ તત્ત્વ, ત્રણ રત્ન, ચાર ધર્મ આદિની માત્ર સમજ જ ન અપાય પરંતુ જીવનમાં તેના અમલીકરણની ઝીણી તાલીમ અહીં મળે. સાંજે ચૌવિહાર બાદ બાળકોને વનવિહાર માટે ગામડાની આસપાસની જગાઓ જેવી કે નદી, વાડી પાંગળાપોળ, તળાવ કાંઠે લઈ જવામાં આવે. ગ્રામ્ય સંસ્કૃતિની મીઠાશનો તેમને પરિચય

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - સુથરી
## શ્રી સુથરી મહાતીર્થે પર્યુષણ પર્વ આરાધના સં. ૨૦૭૧

આ વરસે શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપાથી અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી કીર્તીષેણાજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી આનંદકીરણાશ્રીજી મ.સા. ઠાણા-૨, ચાતુર્માસ માટે તા. ૨૫/૦૭/૨૦૧૫ ના શ્રી સુથરી મહાતીર્થે પધારશે. તેમની સાથે સુથરી તીર્થમાં સ્થાયી પ.પૂ. સાધ્વીજી મહાયશાશ્રીજી મ.સા. બિરાજમાન રહેશે, તેથી આપ સર્વે ને ખાસ કરીને આરાધક ભાઈ-બહેનોને તથા સુથરી ગામની નિયાણી બહેનોને સહ પરિવાર ચાતુર્માસ દરમ્યાન આરાધના કરવા તથા પ.પૂ. સાધ્વીજી ભગવંતોના દર્શન વંદનનો લાભ લેવા શ્રી સુથરી તીર્થે પધારવા સંઘ વતી વિનંતી છે.

ચાતુર્માસ દરમ્યાન પૂ. સાધ્વીજી ભગવંતોના પ્રવેશથી કરીને પર્યુષણ પર્વ પુરા થયા સુધી યથા શક્તિ તપ-આરાધના કરવાની સર્વ વ્યવસ્થા તથા રહેવાની વ્યવસ્થા શ્રી હંસરાજ નરશી મોમાયા યાત્રિકગૃહમાં શ્રી સુથરી જૈન સંઘ વતી કરવામાં આવેલ છે, જેની ખાસ નોંધ લેશોજી.

ચાતુર્માસ દરમ્યાન સર્વ સાધારણ ફંડ-ચાતુર્માસ ફંડ અને જીવદયાફંડમાં યથાશક્તિ ફાળો નોંધાવવા તથા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવાનો લાભ જરૂરથી લેવા શ્રી સુથરી જૈન સંઘની આપ સૌને નમ્ર વિનંતી છે.

આ વરસે ગામમાં પાણીની તીવ્ર તંગીના કારણે મુલત્વી રાખેલ ૧૭૫ મી વર્ષગાંઠ સં. ૨૦૭૨ માં જરૂરથી ઉજવીશું. આપના ઘરોના રીપેરીંગ તથા સાફ સફાઈ કરાવી લેવા વિનંતી. જીર્ણોધ્ધારના કાર્યો પૂર્ણ થવાની તૈયારીમાં છે, જેની નોંધ લેશોજી.

**પ.પૂ. સાધ્વીજી ભગવંતોનો પ્રવેશ આષાઢ સુદ ૧૦ ને શનિવાર તા. ૨૫/૦૭/૨૦૧૫ ના થશે. આ પ્રસંગે પધારવા સૌને નમ્ર વિનંતી છે.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - સુથરીના પદાધિકારીઓ**

કરાવવામાં આવે. સિમેન્ટ-કોંક્રિટના જંગલોમાં રહેતા બાળકોને ખુલ્લા આકાશ નીચે રેતીમાં આનંદ-કિલ્લોલ કરતાં, પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવતા જોઈ આપણને પણ બાળપણની યાદો તાજી થઈ જાય. વીડિઓ-ગેમ્સની હિંસક મનોવૃત્તિમાંથી દૂર પ્રકૃતિના ખોળે સહજ રીતે ખીલતા બાળપુષ્પોની મહેક તેમના જ નહીં અન્યના જીવનને પણ મહેકાવી દેશે તેનો અહેસાસ તેમને જોનારને થયા વિના ન રહે.

દરરોજ સાંજે બાળકો પ્રભુની ભાવના કરી ભાવવિભોર બને . રાત્રિ કાર્યક્રમમાં બાળકો દિનભરના કાર્યોની સમીક્ષા કરી સમાચાર આપે, મૂલ્યાંકન કરે. પોતાની લાગણીઓને વાચા આપતા શીખે. તેમનો સ્ટેજ ફીઅર દૂર થાય. અભિવ્યક્તિની કલા અનાયાસે હસ્તગત થતી જાય. ક્યારેક વિદ્વાન વક્તાઓ બાળકોને જીવનભાથું પીરસવા હાજર થઈ જાય તો ક્યારેક તેમનામાંના જ બાળકો નાની નાની વાતમાં મોટો સંદેશ આપી જાય. સવારથી રાત સુધી સતત નીતનવું જીવનલક્ષી શિક્ષણ બાળકોને ખીરસાતું રહે. એક વખત આવેલા બાળકો વારંવાર આ શિબિરમાં આવવાનું પસંદ કરે. બલ્કે મિત્રોને લઈને આવે તે જ આ શિબિરની મોટી ઉપલબ્ધિ.

અઠવાડિયા સુધી ચાલતી આ શિબિરમાં બાળકો જંકફૂડથી સ્વભાવિક રીતે બચી જાય છે. સહુ દેશી ખાણું ખાતા શીખે છે. શું ખાવું, કેવી રીતે ખાવું અને શા માટે ખાવું એ પણ શીખે છે. આહારની સાચી સમજણ મોટેરાંઓને પણ નથી હોતી તેથી તેમને શારીરિક-માનસિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અહીં બાળકો બાળપણથી જ આ બાબતે સજાગ થાય તેવા પ્રયત્નો થાય છે. મોબાઈલ, ટી.વી., ગેમ્સ, ઈન્ટરનેટ, એ બધાથી દૂર રહીને પણ મસ્તીથી જીવી શકાય છે એ વાતની અનુભૂતિ બાળકોને અહીં થાય છે. કોઈપણ જાતના ભારણ વિના હળવાશથી અહીં ધર્મના સંસ્કારો પીરસવામાં આવે છે. આ બધું કરતાં કેટલાક બદલાવ સહજતમ આવી જતા હોય છે. ને બાળક જીવનભર તે પ્રમાણે કરતું થઈ જાય છે.

આરસની તક્તી પર નહીં, બાળકોનાં હૃદય પર નામ કોતરવામાં ઈચ્છુક, ભાવિ પેઢી સુધી સંસ્કારોની અમીટ છાપ પહોંચે એવા ઉદ્દેશવાળા દાનવીરોના આર્થિક સૌજન્ય અને સંઘના અથાક પરિશ્રમથી આયોજતી આ શિબિર સાથે જોડાવાનું મુખ્ય કારણ છે અહીં ઉત્સવ, સમારોહ કે ઓચ્છવના ભપકાદાર ખર્ચા નથી પણ અહીં સંસ્કાર ને મુલ્યનું ભવિષ્ય માટે રોકાણ થતું અનુભવું છું. બાળકો સાથે રહેવાથી બાળમાનસને સમજવાની ને મારા પોતાના બાળપણમાં વિહરવાની અમૂલ્ય તક સાંપડે છે. સમૂહમાં રહેતા આ બાળકોની નાની મોટી સમસ્યાઓમાંથી એમના સ્વભાવનું દર્શન થાય છે. એમના ઉછેરની કડી જડે છે. આવી શિબિરો ખરા અર્થમાં સંસ્કારની ગંગોત્રી બની રહે છે.

મોબાઈલ : ૦૯૯૬૯૧૧૦૯૫૮, ૯૪૦૬૫૮૫૬૬૫

– પ્રબુધ્ધ જીવનમાંથી સાભાર

## બાયઠવાસી ક.દ.ઓ. પરિવારો તથા નિયાણી બહેનો જોગ

**આગામી પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમીત્તે બાયઠવાસી ક.દ.ઓ. પરિવારો તથા નિયાણી બહેનોને પર્વ આરાધના તથા ઉજવણી કરવા બાયઠગામે પધાવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ.**

આપ બાયઠ પધારશો ત્યારે ટીકીટના તથા આવવા-જવાના પૈસા બાયઠમાં આપવામાં આવશે. ત્યાં રહેવા કરવાની તથા સાર્ધમિક ભક્તિની સંપૂર્ણ વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. આપ કેટલા જણ અને કઈ તારીખે પધારશો તે અમોને તા. ૧૫.૮.૨૦૧૫ સુધી જણાવશો કે જેથી ત્યાં આપની સર્વ વ્યવસ્થા સુપેરે કરી શકાય.

તો ચાલો આપણે સૌ બાયઠવાસીઓ તથા નિયાણી બહેનો સહકુટુંબ પર્વ આરાધના ભાવપૂર્વક કરી, આપણી અતૂટ એકતાના સહભાગી બનીએ.

પર્યુષણ પર્વ નિમિત્તે આપ સૌ એ તા. ૧૦.૯.૨૦૧૫ સુધી બાયઠ પહોંચવાનું છે અને ચૈત્ય પરિપાટી તા. ૨૦.૯.૨૦૧૫ ના પૂર્ણ કરી તેજ દિવસે મુંબઈ પ્રયાણ કરી તા. ૨૧.૯.૨૦૧૫ ના મુંબઈ પહોંચશું.

આપના અમુલ્ય સહકારની અપેક્ષા સહ.

**સંપર્ક સ્થળ :**

| | | | |
|---|---|---|---|
| લક્ષ્મીચંદ લાલજી પોલડીયા | - ૯૯૩૦૦૦૮૩૩૯ | ધનરાજ વેલજી પોલડીયા | - ૯૮૨૦૬૯૮૭૩૩ |
| જગદીશ ડુંગરશી દંડ | - ૯૩૨૨૪૩૪૧૬૬ | શ્રીમતી મીનાક્ષી હીરાચંદ ગોસર | - ૮૨૯૧૧૮૩૬૩૬ |

લી. ક.દ.આ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ વતી પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસરના જય જિનેન્દ્ર

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન

૨૦-૨૦ વર્ષ સુધી એક્સરખા રીઝલ્ટ આપવા બહુ મુશ્કેલ છે. અમે એક્સરખા નહીં પણ એક બીજાથી ચડીયાતા રીઝલ્ટ આપીએ છીએ. બીમારીઓ, ઓપરેશન, સીઝેરિયન, ડિલીવરી કે ગમે તે તકલીફ હોય, વજન ઉતાર્યા પછી એવું લાગે કે ક્યારેય જાડા ન હતા. લગ્ન પહેલાં હતો તેવો શેપ, સાઈઝ અને વજન આવી જાય છે. આ બધું શક્ય છે રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં જો વજનની તકલીફ ન હોય અને કોઈ બીમારી કે માત્ર દુખાવા હોય તો

→ તેના માટે ખાસ ટ્રીટમેંટ.
→ માઈગ્રેન (માથાનો અસહય દુખાવો) માટે ખાસ ટ્રીટમેંટ.

**નામ નહીં કામ બોલે છે**



પહેલાં　　પછી　　પહેલાં　　પછી

**ટોટલ વજન ઉતાર્યું - ૨૫ કીલો ★ ટોટલ ઈંચ ઉતાર્યું -૧૩૫ ઈંચ**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના
## ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતીની સભા

સમસ્ત મહાજન ના ટ્રસ્ટ બોર્ડની મળનારી સભા રવિવાર તા. ૨૬/૦૪/૨૦૧૫ ના મુંબઈમાં કોરમ ના અભાવે મુલત્વી રહી હતી.

એ જ દિવસે બપોરે મહાસમિતીની સભા શિશુકુંઝ હાલે મુલુંડ (વે.) ખાતે કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તરીકે આધા કલાક બાદ શ્રી કિરીટભાઈ લાપસીયા ના પ્રમુખ સ્થાને મળેલ.

ચાલીશગામ માં મળેલ ગત તા. ૧૪/૦૯/૨૦૧૪ ની મીટીંગ ની મિનિટસ્ સર્વાનુમતે બહાલ કરી.

ટ્રસ્ટ બોર્ડ - મહાસમિતીની મુદત્ત એક વર્ષ વધારવાની ચર્ચા વિચારણા બાદ આ મુદત વધારવા અંગેનો ઠરાવ શ્રી રમેશભાઈ મોતા એ મુકેલ અને તેને શ્રી ભરતભાઈએ ટેકો આપેલ.

શ્રેષ્ઠીવર્ય શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) પરિવાર આકસ્મિક વિમા યાજના અંગેની જાણકારી આપતા સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા એ જણાવ્યું કે આ યોજનાને એક વર્ષ પૂર્ણ થઈ, દ્વિતીય વર્ષમાં પ્રવેશ થયેલ છે. બન્ને વર્ષ નો માતબર રકમ નો પ્રિમીયમ મે. ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લાપસીયા તરફથી પ્રાપ્ત થયેલ છે. આ યોજનાને વર્ષાનુવર્ષ ચાલુ રાખવી અત્યંત જરૂરી છે અને એના માટે સૌ કોઈના આર્થિક સહયોગની જરૂરત પડશે, અત્યાર સુધી બે જ્ઞાતિજનો ને ક્લેમ પણ સરળતાથી સમયસર અપાયેલ છે.

મુલત્વી રહેલ જ્ઞાતિ સંમેલન અંગેની વર્તમાન સ્થિતિની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. એના પર ચર્ચા વિચારણા થતાં રાયપુર મહાજનની તૈયારી અને ઉત્સાહ ધ્યાનમાં લઈ તેઓને આ આયોજન કરવાની તક મળે એ ભાવથી એકવાર તેમને પત્ર લખી, એક મહિના માં એનો પ્રત્યુતર અંગે અન્યથા સમસ્ત મહાજન આ અંગે સ્વતંત્ર પણે ફરી વાર પ્રક્રિયા હાથ ધરશે અને તેમાં વ્યતિત થનાર સમય ઊપરાંત, રેલ્વેના નવ ફેરફારા મુજબ હવે રીઝર્વેશન ૧૨૦ દિવસ અગાઉ થતું હોવાથી પધારનાર પ્રતિનિધીઓ / જ્ઞાતિજનો ને સરળતા થઈ રહે એ માટે નવેંબર/ડીસેંબર ૨૦૧૫ માં સમ્મેલન યોજવું એમ સર્વાનુમતે નક્કી થયું.


।। શ્રી તીર્થપતિશ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ।।

।। નમો નમઃ ગુરૂશ્રી ગૌતમ સુધર્મા-આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નિતી-ગુણ-ગુણોદય-કલાપ્રભાબ્ધિ સૂરીભ્યો ।।

**શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ શ્વે. જૈન તીર્થ ટ્રસ્ટ**

સંચાલિત

**શ્રી મઠુબાપા ભવન**



**શ્રી મઠુબાપા ભવન નિર્માણ સહયોગી ઉદારદિલ**
**પરિવારોનું બહુમાન-સ્નેહમિલન**



ખુબ જ આનંદની વાત છે પ્રભાવક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અમી દ્રષ્ટિ અને દેવ-ગુરૂ ની પરમ કૃપાથી ઘણાં વર્ષોથી વિલંબિત થયેલ ભવન આપના ઉમદા તન-મન-ધનના સાથ સહકારે પૂર્ણ થયું. જેનું તાત્કાલિક ઉદ્ઘાટન કચ્છ થી ઉગ્રવિહારે પધારતાં સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ૧૪ ડિસેમ્બર ૨૦૧૪ ના વિશાળ ભાવિકોની ઉપસ્થિતીમાં થયું. જેમાં તમો પણ ઉપસ્થિત રહી એ ધન્ય ક્ષણને અનુભવ્યો હશે.

સમયની મર્યાદા, ટીકીટોની અગવડ અને અન્ય કારણોસર કેટલાક આ કાર્યક્રમમાં સામેલ ન થઈ શક્યા હોવાથી શક્યતા નિહાળી ટ્રસ્ટ મંડળ યોજેલ છે દાતા પરિવાર, સમાજશ્રેષ્ઠી, ગુરૂભક્તોનું બહુમાન - સ્નેહ મિલન.

**વાર** : રવિવાર, તા. ૨૪-૫-૨૦૧૫ **સ્થળ :** શ્રી નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા.

**સમય** : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ ક. **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી વૃંદ આ કાર્યક્રમમાં નીશ્રા આપશે.**

**સર્વેને પધારવા જાહેર આમંત્રણ છે.....**

**તીર્થ ક્ષેત્ર** : શંખેશ્વર મહાતીર્થ, કે. પી. સંઘવી ધર્મશાળાની પાછળ, તા. શંખેશ્વર, જી. પાટણ, ગુજરાત - ૩૮૪ ૨૪૬.
ફોન (૦૨૭૩૩) ૨૭૩૫૧૫ / ૦૯૧૫૭૧ ૯૯૩૫૭

**મુંબઈ ક્ષેત્ર** : ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, ૧લે માળે, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭. ફોન (૦૨૨) ૨૫૦૧૧૭૮૮

**લી. શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ શ્વે. જૈન તીર્થ ટ્રસ્ટ**

।। યુગાદિ આદીશ્વર દેવાય નમઃ ।।

નમો નમઃ શ્રી ગુરૂ ગોયમ-સુહમ્મ-આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-
ધર્મમુર્તિ-કલ્યાણ-ગૌતમ-નિતિ-દાન-નેમ-ગુણસિંધુ-ગુણોદય-કલાપ્રભસૂરિભ્યો

**મહાપ્રભાવક-મંત્રપ્રભાવક-ક્રિયોધ્ધારક દાદા ગુરૂદેવ શ્રી મેરૂતુંગસૂરીશ્વરજી મ.સા. નો ૬૦૦મું સ્વર્ગારોહણ વર્ષ**
**દાદા ગુરૂદેવ શ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ.સા.નો ૪૦૦ મો સ્વર્ગારોહણ વર્ષની પાવન સ્મૃતિમાં**
**આત્મકલ્યાણ-પરિવારની આધ્યાત્મિક ઉન્નતિ માટે ખાસ : વિરતીની રૂચી કેળવવા**

# એક વર્ષિય સામાયિક સાધના અભિયાન

**આયોજક** : શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭. ફોનઃ ૨૫૦૧૧૭૮૮

**દિવ્યકૃપા** : વિધિપક્ષ ગચ્છપ્રવર્તક પૂ. દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા., ક્રિયોદ્ધારક પ. દાદા ગુરૂશ્રી ગૌતમ સાગરસૂરિશ્વરજી મ.સા., નિકટના અનંતોપકારી પૂ. દાદા ગુરૂશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભાશિષ** : અચલગચ્છાધિપતિ, તપસ્વીસમ્રાટ પૂ. પાદ આ. ભ. શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**માર્ગદર્શક** : પ્રેરક : સૌમ્યસ્વભાવી, રાજસ્થાન-દક્ષિણ દીપક પૂ. પાદ આ. ભ. શ્રી. કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.

**અનુમોદક** : પૂ. ગણિવર્યત્રય, પૂ. સાધુ-સાધવી મ. સાહેબો શ્રી સંઘો.

જિંદગીની જિંદગીઓ વીતી અનંતાનંત ભવોપસાર કર્યા પણ આપણો આત્મા ન જાત્યો તે ન જાત્યો. વૃદ્ધવય - રોગાવસ્થા મૃત્યુ અને પરલોક આગે ધપી રહ્યા છીએ. ત્યારે પ્રમાદ-આળસ-ઉપેક્ષા ખંખેરી જાત્તૃતિ કેળવી સ્વપર આત્મકલ્યાણ રૂપ આત્મ સાધના તરફ આગળ ધપીએ. તે માટે શાશ્વત એવા જિનાશાસન આત્મકલ્યાણ અને સાધના ના પ્રાણસમાં દિવસ ૨૪ કલાકમાં કમસેકમ એક સામાયિક કરી જીવનને ધન્ય બનાવીએ.

આપણા સંઘોની વિનંતી માન આપી પૂ.આ.ભ.શ્રી. કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. કચ્છ સૌરાષ્ટ્ર-ગુજરાત-રાજસ્થાન-મેવાડ - મહારાષ્ટ્રમાં અવિરત ધર્મજ્યોત પ્રગટાવતા મુંબઈ મહાનગરે પધારી ગયા છે. ત્યારે તેઓના માર્ગદર્શને પૂ. મહાપ્રભાવક દાદા ગુરૂદેવોના ૬૦૦ માં, ૪૦૦ માં સ્વર્ગારોહણ વર્ષ એક વર્ષે માટે મહિનાના ૩૦, ૨૫,૨૧,૧૫ છેવટ ૮ સામાયિકનો સંકલ્પ કરીએ. નીચે મુજબનો ફોર્મ ભરી આજે જે એક વર્ષિય સામાયિક સાધના અભિયાનમાં જોડાઈ જીવન સાફલ્યતા તરફ આગળ ધપીએ. સામાયિક માં મૌન, ધાર્મિક સૂત્રોનો, સ્વાધ્યાય, નવકાર મંત્રનો જાપ, સિદ્ધચક્ર આરાધનાદિ કરી સાધનામાં આગળ ધપીએ.

---

**નીચેનો ફોર્મ ભરીને અચલગચ્છ સંઘમાં પહોંચાડશો. ત્યાંથી ઘાટકોપર પહોંચાડશો.**
**મહાપ્રભાવક - મંત્રપ્રભાવક ક્રિયોધ્ધારક દાદા ગુરૂદેવ શ્રી મેરૂતુંગસૂરીશ્વરજી -**
**દાદા ગુરૂદેવ શ્રી ધર્મમૂર્તિસૂરિશ્વરજી મ. સા. ના. ૬૦૦, ૪૦૦ મો સ્વર્ગારોહણ વર્ષની સ્મૃતિરૂપે**

# એક વર્ષિય સામાયિક સાધના અભિયાન

મેં આ પરિપત્ર વાંચેલછે. વિચાર કરતા આત્મ કલ્યાણ માટે કાંઈને કોઈ રીતે શરૂઆત તો કરીએજ, મેં નીચે મુજબ સંકલ્પ કરેલ છે.

નામ :________________________ અટક :____________

ગામ :________________ વયઃ______ મોબાઈ નં :____________

સરનામુંઃ ________________________________

________________________________

હું ૧ વર્ષ માટે મહિનામાં [ ૩૦ ] [ ૨૫ ] [ ૨૧ ] [ ૧૪ ] [ ૮ ] સામાયિક કરવા સંકલ્પ કરૂં છું.

[ ઉપાશ્રય માં કરીશ ] [ ઘર માં કરીશ ] જેટલો દિવસ દીઠ સંકલ્પ કરેલ હોય ત્યાં ✓ નિશાની કરેલ છે.

તા. લી.

**શ્રાવક સમુહ સામાયિક અભીયાન**

**નીશ્રા : પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ. સા. આદી શ્રમણો**

-: આયોજક :-
શ્રી માટુંગા મૂર્તિપુજક જૈન સંઘ

**બૃહદ મુંબઈ શ્રાવકો માટે**
**સમુહ સમાયીક - પ્રથમ ચરણ**
રવિવાર, તા. ૨૪-૫-૨૦૧૫ સવારે ૬.૩૦ થી ૭.૩૦ ક.

-: નવકારશી :-
સવારે ૭.૩૦ થી ૮.૩૦ ક.
લાભ આપવા વિનંતી.

-: સ્થળ :-
શ્રી માટુંગા મુર્તીપુજક જૈન સંઘ
શ્રી નારાણજી શામજી વાડી,
ભાઉદાજી રોડ, માટુંગા.

**સર્વે શ્રાવકોએ સમુહ સામાયિકમાં પધારવા વિનંતી.**

**લિ. શ્રી આર્ય રક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ**

UPASANA-9820167767

## મા–દીકરીના સંબંધમાં આવી રહ્યું છે પોઝિટિવ પરિવર્તન :
## આજકાલની દીકરીઓ મમ્મીઓની માત્ર ફ્રેન્ડ્સ નહીં, પ્રેરણા પણ બની રહી છે.

'દીદીનાં લગ્ન પછી હું મમ્મીને લઈને થોડા દિવસ કોઈ સરસ હિલ-સ્ટેશન પર જવાનો પ્લાન કરું છું. લગ્નનો થાક પણ ઊતરી જશે અને દીદીની જુદાઈનું દુઃખ થોડું હળવું થઈ જશે.'

'કોણ-કોણ જશો?'

'હું અને મમ્મી તો શ્યૉર છીએ જ. પપ્પાને પણ લઈ જવા છે, પણ તેમને હમણાંથી નહીં કહું.'

'કેમ?'

'પહેલાંથી કહીશ તો એ તો ના જ પાડી દેશે. આટલાં વરસોમાં પપ્પા-મમ્મી ક્યાંય બહાર ગયાં જ નથી. બિચારી મમ્મીને તો ફરવાનો અને નવું-નવું જોવાનો ખૂબ શોખ છે, પણ પપ્પા ક્યાંય જાય જ નહીં.જોને, બે વર્ષ પહેલાં પણ મેં ક્રૂઝનો પ્રોગ્રામ બનાવેલો ત્યારે પપ્પા ન જ આવ્યાને. એટલે તો હું અને મમ્મી જ ગયેલાં. મમ્મીએ એટલું એન્જૉય કરેલું કે પૂછ નહીં. મને ખૂબ જ મજા આવી હતી. આ વખતે તો પપ્પાને લઈ જ જવા છે, પણ તેમને છેલ્લે જ કહીંશ.'

પચીસેક વર્ષની બે પ્રોફેશનલ ફ્રેન્ડ્સ વચ્ચે આ વાતો થઈ રહી હતી. યંગ દીકરી આજે સાચા અર્થમાં મમ્મીની ફ્રેન્ડ બની બધી જ જવાબદારી પોતે ઉપાડી લેશે અને ઘરનું પણ બધું સંભાળી લેશે, મમ્મીએ એ વિશે બિલકુલ ચિંતા કરવાની નથી અને પોતાની પ્રૅક્ટિસ તેમ જ પર્ફોર્મન્સ પર જ પુરું ધ્યાન દેવાનું છે. એક-બે મમ્મીએ તો ત્યાં સુધી કહ્યું કે દીકરી નહીં પણ જાણે અમારી મા હોય એવું અમારું ધ્યાન રાખી રહી છે! દીકરીઓ માની વધુ નજીક હોય છે અને આજની એજ્યુકેટેડ યંગ મમ્મીઓ મોટા ભાગે દીકરીની ફ્રેન્ડ જેવી થઈ જાય છે, પણ અહીં તો નાનકડી દીકરી માની ભૂમિકા જાણે બજાવી રહી હતી!

આ એક ઘણી હેલ્ધી સાઈન લાગી. બદલાયેલ સમયની છાપ સ્પષ્ટપણ જોઈ શકાય છે. મને યાદ છે અમે નાનાં હતાં ત્યારની છોકરીઓમાં પોતાની મા વિશેના ઍટિટ્યુડમાં કેટલી બધી સંકુચિતતા હતી! મને યાદ છે એક છોકરીની મમ્મી બહુ હોશિયાર હતી. તે બીજી બધી મા કરતાં જુદી હતી અને તે છોકરીઓની સ્કૂલની વાતોમાં ઊંડો રસ લઈને પ્રશ્નો પૂછતી, પોતાના વિચારો વ્યક્ત કરતી; પણ અમે જોતાં કે પેલી છોકરીને તેની મા કંઈ પણ વાત કરે, ખડખડાટ હસે કે જાહેરમાં કંઈ બોલે એનો ભારે સંકોચ થતો. તે હંમેશાં પોતાની માને કોઈ ને કોઈ બહાને પોતાની ફ્રેન્ડ્સથી દૂર રાખવાની કોશિશ કરતી. આ

અનુસંધાન ૧૬ મા પાને


।। શ્રી આદીનાથાય નમો નમઃ।।



**શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

કચ્છ : સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા.: ૧૨-૫-૨૦૧૫

**સાંયરા તિર્થને મળ્યું ચાર્તુમાસ પુરી થઈ અમારી આશ;**
**સાંયરા નગરે ચાર્તુમાસ પ્રવેશ હાલો સાંયરા તિર્થ...**

સ્નેહી સ્વજન,

સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિશ્રીજી, તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આશિષથી, તેઓશ્રીના આજ્ઞાવર્તિની **પ.પૂ.સા. ધૈર્યપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા, પ.પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા. ના શિષ્યા, પ.પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. ૠજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.** નું ચાતુર્માસ સાંયરા સંઘ / મહાજનને પ્રાપ્ત થતા સાંયરા સંઘમાં આનંદની લહેર પ્રસરી છે. સૌના હૈયા હિલોળ ચઢયા છે. મન મયુર નાચી ઉઠયા છે. સાંયરા સંઘ / મહાજનને ચાતુર્માસ આપવા બદલ પ.પૂ. ગચ્છાધિપતિશ્રીનો હમેશાં ૠણી રહેશે.

ચાતુર્માસ કરાવવાનો સંપૂર્ણ લાભ **માતુશ્રી લક્ષ્મીબાઈ ફુંવરજી રાઘવજી લોડાયા પરિવાર હસ્તે : શ્રી પદમશી ફુંવરજી લોડાયા** દાતાશ્રી પરિવારની ભાવના પરિપૂર્ણ થયેલ છે. સાંયરા સંઘ તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. પૂજ્યશ્રીનું ચાર્તુમાસ મંગલ પ્રવેશ તા. ૨૬-૦૭-૨૦૧૫ રવિવારના સલુણી, સોહામણી પ્રભાતે નક્કી થયેલ છે. સાંયરા ગામવાસી ભાઈઓ/બહેનો તથા નિયાણી બહેનો સહપરિવાર બહોળી સંખ્યામાં સ્થાનિકે પધારી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરવા અને ધર્મની આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ છે.

- **સાંયરાતિર્થે મંગલમય પ્રવેશ : તા. ૨૬-૦૭-૨૦૧૫**
- **પર્યુષણ પર્વની આરાધના : તા. ૧૧-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫**
- **સંપૂર્ણ ચાતુર્માસ : તા. ૨૬-૦૭-૨૦૧૫ થી તા. ૨૫-૧૧-૨૦૧૫**

દાતા પરિવાર તરફથી ભુજથી સાંયરા જવા માટે બસ / તૂફાનની વ્યવસ્થા કરેલ છે. સાંયરા તિર્થે ધર્મની આરાધના માટે પધારનાર ગુરૂભગવંતના પ્રવેશથી પયુર્ષણ પર્વ અને સંપૂર્ણ ચાર્તુમાસ કરનાર આરાધકને ટિકિટ ભાડું દાતાશ્રી પરિવાર તરફથી આપવામાં આવશે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ અને ચાતુર્માસ ધાર્મિક સમિતીના જય જિનેન્દ્ર !**

**પ્રવાસ સમિતી:** વિજય ધરમશી, પ્રકાશ લોડાયા, નિતીન ધ્રોળ, દિપક મોમાયા, રમેશ મોમાયા, હિતેષ લોડાયા

**ધાર્મિક સમિતી:** વાલજી ખોના, રતિલાલ ધ્રોળ, દિનેશ પટેલ, હિરાચંદ શાહ, બિપીન મોમાયા, પદમશી લોડાયા, કાંતિલાલ સોની

**સંપર્ક:** શ્રી વાલજી ખોના - ૯૮૨૦૪૩૮૭૮૪ શ્રી રતિલાલ ધ્રોળ - ૯૮૨૦૮૬૫૮૦૬ બિપીન મોમાયા - ૯૮૨૦૧૮૮૮૨૬

# હાર્દિક અભિનંદન

**કરો કામ એવા કે સમસ્ત જ્ઞાતિ આપના વિશે ગૌરવ અનુભવે**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટ માં ટ્રસ્ટીઓ તથા મહાજનના પદાધિકારીઓ રૂપે ચુંટાવા બદલ અભિનંદન

**આ બન્ને સંસ્થાઓ જ્ઞાતિ માટે ટ્રેન્ડસેટર છે, તેનું સુકાન આપ એવી રીતે સંભાળો કે સમસ્ત જ્ઞાતિની ગરિમા વધવાનો નવો અધ્યાય શરૂ થાય**



શ્રી કલ્પેશ માણેકજી મોતા
પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી હીરાલાલ હંસરાજ ડાગા
ઉપ પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી લેરીન વર્ધમાન ખોના
ઉપ પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી હેમરાજ મેઘજી ગોસર
ટ્રસ્ટી



શ્રી જયંત ભવાનજી સોની
ટ્રસ્ટી



શ્રી બીપીન પાશ્વીર નાગડા
ટ્રસ્ટી



અ.સૌ. માલતી હરીશ ધરમશી
ટ્રસ્ટી



શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા
માનદ મંત્રી - ટ્રસ્ટી



શ્રી કમલેશ મુલચંદ સોની
ટ્રસ્ટી - કારોબારી સભ્યો



શ્રી ચિમનલાલ હીરજી ખોના
ટ્રસ્ટી - કારોબારી સભ્યો



શ્રી ઉપેન્દ્ર કાંતીલાલ ગોસર
ટ્રસ્ટી



શ્રી રમેશ હીરજી લોડાયા
માનદ્ મંત્રી



શ્રી અતુલ ડુંગરશી ધરમશી
ખજાનચી

શુભેચ્છક : **શ્રી અશોક દામજી ડાઘા** - કોઈમ્બતુર

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૨ ૧૩ ૪૪ / ૨૩૪૪ ૧૯ ૨૯

તા. ૧૬/૦૫/૨૦૧૫

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર - જય જય શ્રી અનંતનાથ


મુંબઈના મસ્જિદબંદર વિસ્તારમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની માલિકીના જે જે મકાનો છે તેમની વિગતો (તે ક્યાં સ્થિત છે તે તથા તેમની અન્ય માહિતી) આ સાથે આપીએ છીએ. ટ્રસ્ટની માલિકીના મકાનોથી, જ્ઞાતિજનોના હિતાર્થે, જ્ઞાતિજનોને કઈ રીતે વધારેમા વધારે ફાયદા થાય તે બાબત સલાહ-સૂચનો મોકલવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને આમંત્રણ છે. જ્ઞાતિજનો પાસેથી જે સલાહ-સૂચનો મળશે, તેના પર ટ્રસ્ટ બોર્ડ વિચારણા કરશે.

જો આપણા સમાજની કોઈ સંસ્થા, ટ્રસ્ટ કે કોઈ જ્ઞાતિજનની વ્યક્તિગત માલિકીનું/ના મસ્જિદ બંદર વિસ્તારમાં મકાન/મકાનો હોય તો તેમણે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના મકાનોની વિગત જે ફોર્મેટમાં આપી છે, તે મુજબ પોતાના મકાનોની વિગત મોકલી આપવા વિનંતી. આ વિગતો ફક્ત આપણા સમાજની સંસ્થા/ટ્રસ્ટ/જ્ઞાતિજનની માલિકીના મકાનો છે, તે બાબત સર્વે કરવા જ મંગાવીએ છીએ. તે ઉપરાંત કોઈ જ્ઞાતિજનના અન્ય જ્ઞાતિના મિત્ર/ઓળખીતા/સંબંધીની માલિકીના મસ્જિદ બંદર વિસ્તારમાં મકાન/મકાનો હોય તો તેની વિગત જે તે મકાનના માલિકના નામ સાથે મોકલવા વિનંતી.

વધુ વિગતો માટે ટ્રસ્ટના કાર્યાલયે સંપર્ક કરવો.

લિ.

શ્રી અનંતનાથજી મહારજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ્‌ના ટ્રસ્ટીઓ




| NOS. | C.S. NOS. | BLDG. NAMES | PLOT AREAS (Sq. Mt) | PLOT AREAS (Sq. Ft) (A) | TENANT AREAS (CARPET AREAS) (Sq. Ft) (X) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (X * 1.2) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (B) | FSI (B)/(A) | TENANTS COMM. | TENANTS RESI. | TOTAL TENANTS | CARPET AREAS (Sq. ft) COMM. | CARPET AREAS (Sq. ft) RESI. | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 889 | JATHAWALLA GHAR | 154.68 SQMT | 1664.97 SQMT | 6171.52 SQFT | 7405.82 SQFT | 7405.82 SQFT | 4.44 | 22 NOS | 7 NOS | 29 NOS | 3928.35 | 2243.17 | |
| 2 | 886 | NAKHODA GHAR | 957.37 SQMT | 10305.13 SQFT | 1826.32 SQFT | 2191.58 SQFT | 48164.14 SQFT | 4.67 | 4 NOS | NIL | 4 NOS | 1826.37 | NIL | |
| 3 | 885 | DERASAR GHAR + DERASAR | | | 28847.52+7500 | 34617.02+9000 | | | 7 NOS | NIL | 7 NOS | 2654.23 | NIL | Remaining Area for Derasar Upasarey ETC |
| 4 | 884 | ANANT JYOT | | | 1962.95 SQFT | 2355.54 SQFT | | | 2 NOS | NIL | 2 NOS | 1962.93 | NIL | |
| 5 | 890 | NAVAGHAR | 321.35 SQMT | 3459.01 SQFT | 2856.34 SQFT | 3427.6 SQFT | 10610.38 SQFT | 3.06 | 7 NOS | 2 NOS | 9 NOS | 2699 | 157.5 | |
| 6 | 891 | MALBARI GHAR | | | 5985.65 SQFT | 7182.78 SQFT | | | 7 NOS | 18 NOS | 25 NOS | 2789.6 | 3196 | |
| 7 | 892 | BESANIYA GHAR | 154.31 SQMT | 1660.99 SQFT | 2062.60 SQFT | 2475.12 SQFT | 2475.12 SQFT | 1.49 | 3 NOS | NIL | 3 NOS | 2062.55 | NIL | |
| 8 | 910 | ANANT SADAN | 190.45 SQMT | 2050.00 SQFT | 4937.23 SQFT | 5924.67 SQFT | 5924.67 SQFT | 2.89 | 19 NOS | NIL | 19 NOS | 4937.24 | NIL | |
| 9 | 957 | ANANT NIWAS | 1323.59 SQMT | 14247.12 SQFT | 42794.33 SQFT | 51353.19 SQFT | 54191.39 SQFT | 3.80 | 21 NOS | 107 NOS | 128 NOS | 12718 | 30076.29 | |
| 10 | 972 | SHAKGULLY | | | 2365.17 SQFT | 2838.2 SQFT | | | 2 NOS | 11 NOS | 13 NOS | 827 | 1538.15 | |
| 11 | 920 | OLD ANANT BHUVAN | 1292.65 SQMT | 13914.08 SQFT | 8576.97 SQFT | 10292.36 SQFT | 61714.91 SQFT | 4.43 | 08 NOS | 34 NOS | 42 NOS | 2812 | 5765 | |
| 12 | | NEW ANANT BHUVAN | | | 42448.73 SQFT | 51422.55 SQFT | | | 114 NOS | 15 NOS | 129 NOS | 35529.73 | 6919 | |
| 13 | 918 | ANANT DEEP | 58.37 SQMT | 8163.09 SQFT | - | - | - | - | | | | | | Lease Property Ownership Apartments |

**મા-દિકરીના સંબંધો.... ૧૨ મા પાનાથી ચાલુ**

બધી જ જવાબદારી પોતે ઉપાડી લેશે અને ઘરનું પણ બધું સંભાળી લેશે, મમ્મીએ એ વિશે બિલકુલ ચિંતા કરવાની નથી અને પોતાની પ્રૅક્ટિસ તેમ જ પર્ફોર્મન્સ પર જ પુરું ધ્યાન દેવાનું છે. એક-બે મમ્મીએ તો ત્યાં સુધી કહ્યું કે દીકરી નહીં પણ જાણે અમારી મા હોય એવું અમારું ધ્યાન રાખી રહી છે! દીકરીઓ માની વધુ નજીક હોય છે અને આજની એજ્યુકેટેડ યંગ મમ્મીઓ મોટા ભાગે દીકરીની ફ્રેન્ડ જેવી થઈ જાય છે, પણ અહીં તો નાનકડી દીકરી માની ભૂમિકા જાણે બજાવી રહી હતી!

આ એક ઘણી હેલ્ધી સાઈન લાગી. બદલાયેલ સમયની છાપ સ્પષ્ટપણ જોઈ શકાય છે. મને યાદ છે અમે નાનાં હતાં ત્યારની છોકરીઓમાં પોતાની મા વિશેના ઍટિટ્યુડમાં કેટલી બધી સંકુચિતતા હતી! મને યાદ છે એક છોકરીની મમ્મી બહુ હોશિયાર હતી. તે બીજી બધી મા કરતાં જુદી હતી અને તે છોકરીઓની સ્કૂલની વાતોમાં ઊંડો રસ લઈને પ્રશ્નો પૂછતી, પોતાના વિચારો વ્યક્ત કરતી; પણ અમે જોતાં કે પેલી છોકરીને તેની મા કંઈ પણ વાત કરે, ખડખડાટ હસે કે જાહેરમાં કંઈ બોલે એનો ભારે સંકોચ થતો. તે હંમેશાં પોતાની માને કોઈ ને કોઈ બહાને પોતાની ફ્રેન્ડ્સથી દૂર રાખવાની કોશિશ કરતી. આ માત્ર તે એક છોકરીની જ વાત નથી. અમે બધાં લગભગ આવી જ માનસિકતાનાં શિકાર

## શ્રી ચીમન મોતા ટીવી પર




સમસ્ત ક.દ.ઓ મહાજનના સેક્રેટરી જનરલ તથા મુંબઈ ક.દ.ઓ મહાજનના ભૂ. પૂ. પ્રમુખ, અનેક સંસ્થાઓમાં પદાધિકારી રૂપે સેવા આપનાર તન-મન ટૂર અને હૉટેલ શીખરજી કોન્ટીનેન્ટલ ના માલિક ચીમનભાઈ મોતાની એક વિશેષ મુલાકાત દુરદર્શન ગુજરાતી ગીરનાર પરથી રજુ થઈ. રૂપા દિવેટીઆ (જાણીતા એક્ટ્રેસ) સાથેના વાર્તાલાપમાં શ્રી ચીમનભાઈનો આત્મવિશ્વાસ, સાદગી, સર્મપણ, ધર્મ અને પરિવાર પરાયણતા સાથે પોતાના વતનપ્રેમ અને ટ્રાવેલ ઉદ્યોગની ઘણી પ્રેરણાદાયક અવનવી મહત્વપૂર્ણ માહિતી જાણવા-માણવા મળી.


।। શ્રી આદીનાથાય નમ: ।।

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

**કાર્યાલય :** C/o. બબલ ગમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, ૨જે માળે, એન.એસ. રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૦. ફોન : ૦૨૨ ૨૫૯૩૪૫૪૫, ૨૫૬૮૩૨૩૧, ૨૬૧૨૧૦૬૨, ૨૬૧૨૨૨૭૦

### અનુમોદના

શ્રી વારાપધર જૈન યુવક મંડળ અતંર્ગત કાર્યરત શૈક્ષણિક તેમજ વૈદ્યકિય સહાય યોજનામાં કાયમી દાતા તરીકે જોડાવા બદ્દલ ...

**માતુશ્રી જયવંતીબેન ગુલાબચંદ ભવાનજી લોડાયા (શાહ)**
પરિવાર - ધુલીયા

ગામ ધણી ઓલિયા શ્રી વારાપીરની સમૂહ પહેડી વર્ષ ૨૦૨૧ નો લાખેણો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર...

**માતુશ્રી તેજબાઇ લાલજી લખમશી લોડાયા**
**હસ્તે : શ્રી અરવિંદભાઇ લાલજી લોડાયા (ગાંધીધામ)**

ઉપરોક્ત બન્ને પરિવારજનોની ભૂરિ ભૂરિ અનુમોદના.

### શૈક્ષણિક સહાય યોજના

વર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ ના શૈક્ષણિક સહાય માટેના ફોર્મ વારાપધરના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓના વાલીઓએ (ધોરણ ૧ થી ૧૦ સુધી) નીચેના કાર્યકર્તાઓને સંપર્ક સાધી મેળવી લેવા વિનંતી. ફોર્મ ભરી પરત કરવાની અંતિમ તારીખ
**ગુરૂવાર, ૨૫.૦૬.૨૦૧૫**

**સંપર્ક**

**શ્રી નીતેશ દિનેશ લોડાયા (સહ માનદ્‌મંત્રી)**
મો. ૯૩૨૩૯૯૩૨૮૨

**શ્રી ભૂપેન્દ્ર લાલજી લોડાયા (સહ મંત્રી) (કચ્છ)**
મો. ૭૫૬૭૧૨૫૮૮૮

આગામી કાર્યક્રમ પર્યુષણ પર્વ બાદ ચૈત્ય પરિપાટી તા. ૦૩.૧૦.૨૦૧૫ થી ૦૪.૧૦.૨૦૧૫
ગામધણી ઓલિયા વારાપીરની સમૂહ પહેડી રવિવાર, તા. ૩૧.૦૧.૨૦૧૬ મુલુન્ડ (મુંબઇ) મધે
લાભાર્થી પરિવાર : **માતુશ્રી તારાબેન નવીનચંદ્ર કલ્યાણજી છેડા (ભાંડુપ)** હસ્તે : જયેશભાઇ

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

Estd. 1954

61 Shree KDO Students Association

# નોટબુક વિતરણ યોજના

**સોમવાર, તા. ૨૫.૦૫.૨૦૧૫ થી સોમવાર, તા. ૧૫.૦૬.૨૦૧૫**



વિદ્યાર્થીસંઘ દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના દાતાશ્રીઓના સહયોગે રાહત દરે નોટબુક વિતરણ યોજનાનું આયોજન કરેલ છે. આ વિતરણનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે.

નોટબુકની કિંમત અને મર્યાદા નીચે મુજબ રહેશે...

**૨૦૦ પાનાની જમ્બો લોંગબુક**
**નિયોન કલર ઇફેક્ટ ડીઝાઇન**
**રૂા. ૧૫૦/- પ્રતિ ડઝન ના દરે**

**₹ 150/-**
પ્રતિ ડઝન

વિદ્યાર્થી દીઠ ૨ ડઝનની મર્યાદા માં રહેશે. જ્ઞાતિનો કોઇપણ વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનામાં જ્ઞાતિનો કોઇ પણ વિદ્યાર્થી, વિદ્યાર્થીસંઘનો સભ્ય હોવો જરૂરી નથી. વિદ્યાર્થીએ સાથે ઓરીજીનલ માર્કસીટ સાથે તેની ઝેરોક્ષ નકલ સાથે લાવવી જરૂરી છે. જેમના રીઝલ્ટ ન આવેલ હોય તેઓ પોતાના આ વર્ષની હૉલ ટીકીટ અને તેની ઝેરોક્ષ સાથે લાવવી આવશ્યક છે.

આ યોજનામાં નોટબુક વિતરણ સમય મર્યાદા સોમવાર, તા. ૨૫.૦૫.૨૦૧૫ થી સોમવાર, તા. ૧૫.૦૬.૨૦૧૫ સાંજે ૭.૦૦ થી ૯.૦૦ દરમ્યાન રહેશે.

**વહેલા તે પહેલા ધોરણે નોટબુકો પ્રાપ્ત કરી લેવા વિનંતી. આ માટે પ્રાપ્તી સ્થળના કેન્દ્રો**

| મસ્જીદ બંદર | કાંજુરમાર્ગ (પૂર્વ) | મુલુન્ડ (પ.) | ડૉંબિવલી (પૂર્વ) |
|---|---|---|---|
| મિત્તલ તિલેશ ધરમશી<br>૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, ૧ લે માળે,<br>બાલ મંદીર, ભાત બજાર, મસ્જીદ બંદર,<br>મુંબઇ-૪૦૦૦૦૯.<br>મો. 9773008712 | કેવલ અભય ધરમશી<br>એ-૫૦૨, અનંતનાથ કોમ્પ્લેક્સ,<br>નહેરૂ નગર, કાંજુરમાર્ગ (પૂર્વ),<br>મુંબઇ.<br>મો. 9022273753 | નેહા ખુશાલ વિકમશી<br>એ-૬, ગીરીરાજ બ્રીજવાસી ભુવન,<br>વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પીટલ<br>સામે, મુલુન્ડ (પ.), મુંબઇ-૪૦૦૦૮૦<br>મો. 9594888731 | મૈત્રી ખીરેશ ધ્રોળ / પ્રતીક હરીશ સાયલા<br>એ-૪, નવ ચેતન સોસાયટી,<br>તુકારામ નગર, આયરે રોડ,<br>ડૉંબિવલી (પૂર્વ), જી. થાણે<br>મો. 9664157745 / 9867642592 |
| **વડાલા (પશ્ચિમ)** | **ભાંડુપ (પશ્ચિમ)** | **મુલુન્ડ (પ.)** | **ડૉંબિવલી (પૂર્વ)** |
| નિરેન નવીનચંદ્ર નાગડા<br>રૂમ નં. ૨૪, ૨૦૧૫, પોદાર હાઉસ,<br>એસબીઆઇની બાજુમાં,<br>આર.એ. કિડવાઇ રોડ, વડાલે (પ.)<br>મો. 9769917907 | અર્પણ ફાલ્ગુન ખોના<br>બી-૩૩, અનંત સિધ્ધી,<br>લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,<br>ભાંડુપ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૭૮.<br>મો. 9930222189 | એકતા ઉદય લોડાયા<br>બી-૨૨, શ્રી કૃષ્ણાધામ બીલ્ડીંગ,<br>બેંક ઓફ બરોડા કમ્પાઉંડ, વીણા નગર<br>એલ.બી.એસ. માર્ગ, મુલુન્ડ (પ.),<br>મુંબઇ-૪૦૦૦૮૦ મો. 9769502277 | ધર્મીતા અનુજ લોડાયા<br>૩૦૪, સી-વીંગ, રાજ પાર્ક સોસાયટી,<br>રાજાજી રોડ, મઢવી બંગલો,<br>ડૉંબિવલી (પૂર્વ), જી. થાણે<br>મો. 9579787800 |
| **ઘાટકોપર (પૂર્વ)** | **મુલુંડ (પૂર્વ)** | **મુલુન્ડ (પ.)** | **ડૉંબિવલી (પશ્ચિમ)** |
| શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ (કાર્યાલય)<br>૧૭, ભેદા ભવન, ૨૨, જેઠાભાઇ લેન,<br>ઘાટકોપર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૭૭.<br>મો. 9579787800 / 9167060043<br>લીના હિતેન લોડાયા – મો. 9769411010 | શ્રીમતી પલ્લવી ધીરેન ખોના<br>બી-૨૦૨, શ્રી ગૌરવ સોસાયટી,<br>૯૦ ફીટ રોડ, કપલ્સ હોટેલની સામે,<br>મુલુંડ (પૂર્વ), મુંબઇ.<br>મો. 9323030093 | ફોરમ ઉદય નાગડા<br>૨૪, કૈલાશ કુંજ, આર.આર.ટી. રોડ,<br>જુની કેનેરા બેંકની સામે,<br>શીતલ આયુર્વેદિકની ઉપર, મુલુન્ડ (પ.)<br>મુંબઇ-૪૦૦૦૮૦ મો. 9769528677 | શુભમ મહેન્દ્ર લાપસીયા<br>એ-૩૦૮, જયેશ કૃપા સોસાયટી,<br>કર્વે રોડ, ભાગ શાળા મેદાનની પાસે,<br>ડૉંબિવલી (પશ્ચિમ), જી. થાણે<br>મો. 8898451456 |
| **કાંજુરમાર્ગ (પૂર્વ)** | **મુલુન્ડ (પ.)** | **થાણા (પશ્ચિમ)** | **ડૉંબિવલી (પશ્ચિમ)** |
| ઉર્વેશ ભરત છેડા<br>સી-૫૦૪, અનંતનાથ કોમ્પ્લેક્સ,<br>નહેરૂ નગર, કાંજુરમાર્ગ (પૂર્વ),<br>મુંબઇ.<br>મો. 9022023778 / 9794320779 | ભૈરવી ભરત લોડાયા<br>રાજેશ્વરી, સી-૧૦૧,<br>પી.કે. એક્સ્ટેશન રોડ,<br>મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૦.<br>મો. - | લબ્ધી નિરેન લોડાયા<br>૭, ૪થે માળે, સાઇ કૃપા એપાર્ટમેન્ટ,<br>યોગેશ ડેરી પાસે, જૈન ક્લીનીક પાછળ,<br>ચરઇ, થાણા (પશ્ચિમ).<br>મો. 9757296740 | રાકેશ અભય મૈશેરી<br>રૂમ નં. ૧૨, ૨ જે માળે એવરેસ્ટ સોસાયટી,<br>બીલ્ડીંગ નં. ૨, દીન દયાલ રોડ,<br>ડૉંબિવલી (પશ્ચિમ), જી. થાણે<br>મો. 7208000294 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાશી | ચાંદની પરેશ લાલકા, ૨૪૩/૬, નિશાંત વિલા, સેક્ટર-૨૮, વાશી, નવી મુંબઇ-૪૦૦૭૦૩ મો. 9833225053 | | | રાયપુર | શ્રી ચંદ્રેશ છેડા મો. 09425213540 |
| જલગામ | શ્રી કલ્પેશ માણેકજી છેડા – મો. 09822006678 | ઔરંગાબાદ | શ્રી દિપક મોમાયા – મો. 09370515289 | નાસિક | શ્રી રોમીલ લોડાયા મો.09167870253 |
| વાપી | શ્રીમતી પ્રજ્ઞા પરાગ મેપાણી-મો. 09978796969 | જામનગર | શ્રી મનોજ ખોના – મો. 09824226655 | જાલના | શ્રી બિપીન પોલડીયા મો.09423344536 |

## આરોગ્ય પ્રકાશ : **સાધારણ છતાં તકલીફદાયક માથાનો દુઃખાવો**

**ડૉ. વીરચંદ લખમશી નાગડા** M.B.B.S. મુંબઈ (મુલુંડ) – 097573 03562

માથાનો દુઃખાવો, એ એક બિલ્કુલ સામાન્ય બિમારી છે. મહિના-બે મહિનામાં એકાદવાર દુઃખાવો થાય ત્યાં સુધી તો ઠીક પણ જો વારંવાર થયા કરે તો તેનું કારણ અને એનું નિકારણ કરવું જરૂરી બને છે; કેમ કે આ સાધારણ માથાનો દુઃખાવો પણ વ્યક્તિની કાર્યક્ષમતા, માનસિક સમતુલન અને સાંસારિક અને સામજીક પરિસ્થિતિમાં તકલીફદાયક બને છે. આપણે માથાના દુઃખાવાના કારણ અને ઉપાય વિશે જોઈએ.



**૧) ટેન્શન હેડેક :** વારંવાર થતો માથાનો દુઃખાવો સહેજ હળવો અને કામ પતેથી, ટેન્શન ઘટતાં મટતો દુઃખાવો, તેનું કારણ ટેન્શન છે. ખાસ કરીને આવી તકલીફ સ્ત્રીઓને થતી હોય છે. એક જ સમયે ઘણા કામ પૂરા કરવાનું ટેન્શન. દા.ત. સવારે બાળકોના સ્કુલની તૈયારી, ઑફિસે જનારના ટીફીનની તૈયારી અને સવારના થતા ચા-નાસ્તાની તૈયારી. આમ એકી સાથે ટુંકા સમયગાળામાં દરેક કામ પતાવતાની ઝડપ અને ચિંતાને કારણે થતો દુઃખાવો.

આ તકલીફ માટેની સરસ દવા એટલે જેટલા કામની થઈ શકે તેટલી અગાઉની તૈયારી, વહેલા ઉઠવું અને નિયોજન મુજબ કાર્ય કરવું. આ મુખ્ય નિવારણ છે છતાં સવારના નરણે કોઠે ૨ ગ્લાસ પાણી પીવું; ચા, દુધ કે કોફી ની એક પ્યાલી પીવી અને ફણગાવેલા મગ કામ કરતાં કરતાં ચાવી લેવા, એ શરીરને સ્ફુર્તિ, શક્તિ અને મનને હળવાશ આપશે અને કાર્યક્ષમતા વધારશે.

**ખાસ નોંધ –** આ તકલીફને ગૌણ ન સમજવી કારણ આ હળવો દુઃખાવો, ટેન્શન બ્લડપ્રેશન કે એસીડીટી ને નોતરી શકે.

**૨) એસીડીટી :** એસીડીટીથી થતો માથાનો ફાટફાટ દુઃખાવો એનું કારણ છે આથાવાળી વસ્તુઓ, પાઉં કે મસાલેદાર ખાણું કે બજારૂ ખોરાક અથવા અતિ ગરમ ચા પીવાની આદત, મરચાનો અતિ ઉપયોગ, વધુ સમય ભુખ્યા રહેવું, ઉંઘ અતિ ઓછી થવી કે ટેન્શન.

આ તકલીફના નિવારણ માટે ખોરાકમાં ફેરફાર; જમ્યા પછી તરત જ સૂંઠ ખાવ તેમજ જમ્યા બાદ ૨૦-૨૫ મિનિટ ચાલો; સવારના નરણે કોઠે પાણી ૨-૩ ગ્લાપ પી, ઉલ્ટી કરી લેવાથી એસિડ નિકળી જશે, રાહત થશે. ઠંડુ દૂધ, આઈસ્કીમ


।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ

મુ.પો. પરજાઉ પોસ્ટ : જખૌ, તા. અબડાસા, પીન ૩૭૦ ૬૪૦.ફોન : ૯૫૩૭૯૪૯૯૫૬

## પર્વાધિરાજ પર્યુષણની આરાધના માટે પરજાઉ નગરે પધારવા

## ભાવભર્યું આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે શાસનપ્રેમી પરજાઉવાસીઓ તેમજ નિયાણી બહેનોને માદરે વતનમાં **શ્રી ચંદ્રપ્રભ સ્વામીના** સાનિધ્યમાં પર્યુષણ પર્વ **શ્રાવણ વદ – ૧૩, શુક્રવાર, તા. ૧૧-૦૯-૨૦૧૫ થી ભાદરવા સુદ – ૬, શનિવાર તા. ૧૯-૦૯-૨૦૧૫** દરમ્યાન ધર્મ આરાધના કરવા સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આ માટે સમયસર રેલ્વે રીઝરવેશન કરાવી લેવા વિનંતી. સ્થાનિકે ઉતારાની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. આ દિવસો દરમ્યાન સાધર્મિક ભક્તિ મહાજનના રસોડે રહેશે. આપના આગમનની જાણ સમયસર અગાઉથી કરશો તો વ્યવસ્થામાં સુગમતા રહેશે. **સર્વે ને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**એજ લી. શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ વતી**

**પ્રમુખશ્રી ગુલાબભાઈ ધનજી દંડ (પ્રમુખશ્રી) ના જય જિનેન્દ્ર**

તેમજ 'ઈનો ફ્રૂટ સોલ્ટ' ના ઉપયોગથી તરત જ રાહત થાય છે. પણ આ 'ઈનો ફ્રૂટ સોલ્ટ' કોરા ગ્લાસમાં નાખી અન્ય ગ્લાસમાં પાણી + સાકર (એમાં લીંબુ ઉમેરવું હોય તો ઉમેરી) અને સોડામાં આ પાણી ઉમેરી ઉભરો આવતાં જ પીવાય તો જલ્દીથી (૨-૩ મિનિટમાં જ રાહત મળે છે.

૩) **આંખની તકલીફ :** વાંચન, ભરતકામ કે બારીક સિલાઈકામ, બારીક અનાજ સાફ કર્યાથી થતો માથાનો દુઃખાવો એ આંખની તકલીફને કારણે જ. આથી આંખની તપાસ જરૂરી અને નિદાન મુજબ ચશ્માનો ઉપયોગ.

**ખાસ નોંધ** - ખાસ કરીને નાના બાળકો માથાના દુ;ખાવાની ફરીયાદ કરે તો તરત જ આંખ - તપાસ જરૂરી. જેથી તકલીફ વધે નહિં. ચશ્માના નંબર કઢાવી ચશ્મા વાપરવાં.

૪) **શરદી, સાયનુસાઈટીસ, ગળાનો સોજો :** શરદી થવાથી માથું દુઃખે, ગળાના સોજાના લીધે પણ ક્યારેક માથું દુઃખે. શરદીનો ઈલાજ કર્યા પછી પણ ક્યારેક શરદી- નાકના અંદરના પોલાણ (સાયનસ) માં ભરાઈ જાય, જામ થઈ જાય. (સાઈનુસાઈટીસ) તો માથું દુઃખે, તાવ આવે. તેનો ઈલાજ કરીએ અને ગરમ પાણીની બાફ લેવાથી, લમણા-નાકની આસપાસ સેક કરવાથી ઘણી રાહત થાય છે. નીલગીરી (યુકેલીપ્ટસ્) નું તેલ સુંઘવાથી રાહત મળે છે.

૫) **તાવ :** શરીરમાં બૅક્ટરીયા, વાયરસ વગેરે જીવાણુ દાખલ થાય એટલે તાવ આવી શકે. તાવ આવે એટલે માથું દુઃખે. ફ્લ્યુ, શરદી, ઉધરસનો તાવ, મલેરીયા, મરડો, ઝાડા વગેરે જે કારણ ને લીધે તાવ આવ્યો હોય તેનો ઈલાજ જરૂરી.

૬) **ગૅસ, કબજીયાત, અપચો :** આ પણ સામાન્ય બિમારી છે. પચે નહિં, વધુ ખવાઈ જવાય તો ગૅસ, અપચો થાય અને માથું દુઃખે. હિંગ + ગોળ લેવાથી, જીવન મિક્સચર લેવાથી અને ઉપવાસ કે હલકો ખોરાક - પ્રવાહી ખોરાક લેવાથી તકલીફ મટે.

કબજીયાત ન થાય એ માટે યોગ્ય પૌષ્ટીક ખોરાક ફળો, શાકભાજી વધારે લઈએ. દિવસમાં ૪૫ મિનિટ ચાલીએ જેથી ખાધેલું પચે. જમ્યા બાદ ૧ નાની ચમચી સૂંઠ લ્યો. રોજ જુલાબ લેવો હિતાવહ નથી, તેનાથી આંતરડા નબળા પડે. સવારના ઉઠીને ૨-૩ ગ્લાસ પાણી પીવાની ટેવ પાડીએ. પાંચ કાળી કિસમિસ રાત્રે પાણીમાં પલાળી સવારે તે લેવી. એરંહભ્રસ્ટ હરડે એક નાની ચમચી રોજ રાત્રે લેવાથી પણ સમયાંતરે રોજ પેટ સાફ થશે. જીવનમાં નિયમિતતા લાવવાથી કબજીયાતની તકલીફ દૂર થશે.

૭) **લો-બ્લડપ્રેશર :** અશક્તિ, એનીમિયા (લોહીની ઉણપ), ઉપવાસ, શરીરમાં પાણી ઓછું થવું, ટેન્શન- તાણ, વગરેને લીધે લો-બ્લડપ્રેશર થાય અને માથું દુઃખે. લીંબુ શરબત, કૉફી, ફળોના રસ, મિઠાવાળી છાસ, પ્રવાહી ખોરોક વગેરે લેવા અને ટેન્શન ઓછું કરવાની કોશિષ કરીએ. લો-પ્રેશરની તકલીફવાળી વ્યક્તિએ પથારી પરથી (કે જમીન પરથી) ઉઠતી વખતે ઉતાવળે ન ઉઠતાં સહેજ બે મિનિટ બેસવું પછી ઉઠવું નહિં તો આંખે અંધારા આવે કે ચક્કર આવી પડી જવાશે.

વૈજ્ઞાનિક તારણ મુજબ લો પ્રેશરની તકલીફ સવારે અને સાંજના વધુ રહે છે તેથી મોટા ભાગના કામ બપોરે થાય તે મુજબ


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**
ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com



Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

ટાઈમટેબલ બનાવો. બિમાર માણસના અતિશય પ્રેશર ઓછા હોય તો તેના પલંગે પગ તરફથી ટેકા આપી વધુ ઉંચો રહે તેમ રાખવાથી, માથા તરફ લોહીનું ભ્રમણ વધશે. અને રાહત લાગશે. લો પ્રેશર વાળાએ ૮૦૦૦ મિલી ગ્રામ સોડિયમ દિવસમાં લેવું (૧ ચમચી મીઠું + ૨૩૦૦ મિલી ગ્રામ સોડિયમ)

**૮) હાઈ પ્રેશર :** હાઈ બી.પી.વાળાએ માથાના દુઃખાવા સાથે ચક્કર, વધુ પસીનો, સાંધા તેમજ હાથ પગ દુઃખવા જેવા લક્ષણો હોય છે. પ્રેશર ચેક કરાવી, ગોળીનું પ્રમાણ નિશ્ચિત કર્યા બાદ તે મુજબ ગોળી લેવાથી માથાનો દુઃખાવો મટે. હાલ કલિંગરની સિઝન છે. વૈજ્ઞાનિકોને શોધ મુજબ કલીંગરમાં રહેલ એમીનોઍસીડ, એલ-સીટ્રુલીન ને લીધે પ્રેશર ઘટે છે. અમેરીકાની ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સીટીના સંશોધન મુજબ ટાઈપ ટુ ડાયાબીટીક સાથે હાઈ બી.પી. હોય તેમના પણ પ્રેશર ઘટે છે.

**૯) કન્જક્ટીવાઈટીસ :** આંખની આ વાયરસ બિમારીમાં પણ માથું દુખે. આંખના ટીપા અને વધુ તકલીફ હોય તો ડૉક્ટરની સલાહ પ્રમાણે એન્ટીબાયોટીક્સ લેવા.

**૧૦) માઈગ્રેન (આધાશીશી) :** આ તકલીફ ઘણું કરીને સવારના જ થાય છે અને સુરજ જેમ ઉપર ચડે તેમ દુખાવો વધે. ક્યારેક એક જ બાજુ શરદી જામ થાય (સાયનોસાઈટીસ) તો પણ માથું એક બાજુનું દુઃખે તો શરદીને લીધે કે માઈગ્રેનને લીધે દુખે છે તે નિદાન કરાવી ઈલાજ કરાવો. ચેરીમાં રહેલા એન્ટોસાયાનીસ અને બાયોપ્લેવોનોઈડ્સ ને લીધે શરીરમાં સોજા ઓછી થાય છે અને તેથી માઈગ્રેનમાં રાહત થાય છે.

**૧૧) ઉંઘ :** ઉંઘ ઓછી થાય તો માથું દુઃખવું એ સામાન્ય છે. તેથી ૭-૮ કલાકની પુરતી ઉંઘ લ્યો. લાંબા સમય સુધી ઉંઘ ઓછી થશે તો માથાના દુઃખાવા સાથે ચિડચિડાપણું, હાથપગ દુઃખવા, સાંધા દુઃખવા, હાઈપ્રેશર વગેરે તકલીફો થઈ શકે મેથીના પાંદડાનો ૨ ચમચી રસ + ૧ ચમચી મધ લેવાથી અનિંદ્રા અને માથાના દુઃખાવાની તકલીફ મટે છે.

**૧૨) ઝામરવા (ગ્લુકોમા) :** આંખની અંદર પ્રવાહી હોય છે અને આંખની અંદર એક પ્રકારનું પ્રેશર હોય છે. મોટી ઉમરે ક્યારેક એ પ્રેશર વધી જાય ત્યાંથી માથું દુખવા સાથે આંખ લાલ થાય, ઓછું દેખાય. આંખના ડૉક્ટર પાસે નિદાન કરી ઈલાજ કરાવવો.

**૧૩) મેનીન્જાઈટીસ (મગજની બીજી બિમારીઓ :** ક્યારેક માથાના દુઃખાવાનું કારણ મેનીન્જાઈટીસ (ઈન્ફેક્શનને લીધે મગજના કવરીંગ લેયર ને સોજા આવવાનું) હોય, સાથે તાવ, ગરદનનું કડકપણું વગેરે લક્ષણો હોય, તો ડૉક્ટરની સલાહ લેવી જરૂરી.

✡ કેફીન-એસ્પ્રીન જે ગોળીમાં હોય તે લેવી હાનિકારક છે. કેફીનને લીધે તે ગોળીની આદત પડે છે અને એસ્પ્રીનના વધુ ઉપયોગથી એસીડીટી, જઠરની અંદર રક્તસ્ત્રાવ, અલ્સર વગેરે થઈ શકે. સાદી પેરાસેરામૉલ (મેટાસીન કે ક્રોસીન) લેવી. તેનો પણ વધુ ઉપયોગ લીવર, કીડનીને નુકશાન કરી શકે.

સાધારણ માથાના દુઃખાવા માટે ગોળીનો ઉપયોગ કરવાને બદલે આપણા જુના ઉપાય - બામનો ઉપયોગ, માથામાં તેલની માલિશ કરવી કે બન્ને હાથના અંગુઠાના ટોચના અગ્રભાગ (નખ ઉપર) થોડો સમય દબાવવું (એક્યુપ્રેશર) વગેરે નો ઉપયોગ કરવો.

આમ વારંવાર થતા માથાના દુઃખાવા માટે વધુ પડતી ગોળીઓ પોતે જ ન લેતા માથું દુઃખવાનું કારણનું નિદાન કરી, ડૉક્ટરની સલાહ મુજબ યોગ્ય દવા લેવી.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન- વરાડીયા

## આમંત્રણ

**ધ્વજા :** વરાડીયાના શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ તિર્થની ૧૧૩ મી વર્ષગાંઠ ૧૧૪ મી ધ્વજા આરોહણ શ્રાવણ સુદ ૫ બુધવાર, તા. ૧૯-૦૮-૨૦૧૫ ના છે.

**પર્યુષણ :** શ્રાવણ વદ ૧૩ થી ભારદવા સુદ ૬ શુક્રવાર, તા. ૧૧-૦૯-૨૦૧૫ થી શનિવાર, તા. ૧૪-૦૯-૨૦૧૫ સુધી પર્યુષણ પર્વની આરાધના કરવા ગામવાસી જ્ઞાતિ બંધુઓ તથા નિયાણી બહેનોને સપરિવાર વરાડીયા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે.


ભોજનાલય તથા અતિથીગૃહની વ્યવસ્થા છે. પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ લેવા વિનંતી.

સંપર્ક :

**શ્રી નિરંજન કેશવજી મોમાયા - ૯૩૨૨૨ ૨૪૮૧૫**

**શ્રી પ્રતાપ મુલજી (પીર) - ૯૮૨૦૭ ૪૩૯૯૩**

# શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ
૧૦-૦૨-૧૯૩૯

સ્વર્ગવાસ તારીખ
૦૩-૦૩-૨૦૧૫

**સ્વ. શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી સુથરી-મુંબઈ**

સમાજરત્ન, માનવતાનાં દરેક ક્ષેત્રે, ધાર્મિક વિભાગના દરેક ક્ષેત્રે પોતાનું વિશિષ્ટ યોગદાન આપનાર શેઠશ્રી નરશી નાથા તથા શેઠશ્રી કેશવજી નાયકની યાદ અપાવનાર શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદભાઈ...

**જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે...**
**દુઃખથી કદી ડર્યા નહિ, સુખમાં કદી છલકાયા નહિ,**
**અણધાર્યા વિદાય લીધી પણ જીવંત હોવાનો ભાસ છે,**
**દર્શન નથી તમારા દેહના પણ વાસ છે હૃદયમાં સદા તમારો.**

આપનો આત્મા જ્યાં પણ હોય ચિર શાંતિને પ્રાપ્ત કરે એજ ઈશ્વરને પ્રાર્થના.

**શેઠ નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ**
**શેઠ નરશી નાથા ધર્મશાળા** – પાલીતાણા
**શ્રી નલિયા જૈન દેરાસર • નરશી નાથા જૈન બાલાશ્રમ** – નલિયા
આદિ સંસ્થાઓના ટ્રસ્ટીઓ

## ઝૂકી તો જવાય ને !

## અનેક સગપણોમાં મધ્યસ્થી કરનારા હુબલીના પદમકુમાર નાગડા

વાત છે, આપણા જ્ઞાતિમાં હાલમાં ચાલુ રહેલ મોટી ને ગંભીર સમસ્યાની ! હા, સગપણ ને લગ્નની!

અમારા સંતાનો પણ ઊંમરલાયક થઈ જતાં છેલ્લા ૪-૫ વર્ષથી અમે ઘણી કોશિષ કરી. મુંબઈ મહાજનના દર વર્ષે થતા સગપણ મિલનમાં પણ ભાગ લીધેલ છે. પણ દેશાવર આવવા કન્યાઓ ગમે તે કારણે ના પાડી દે છે. માવિત્રોની રાતોની ઊંઘ વેરણ થઈ જાય ને સંતાનોની લગ્નની ઉંમર પસાર થઈ ગયા પછી તેમને પણ માનસિક ત્રાસ થાય જે સ્વાભાવિક છે.

એવામાં પોતાના અંગત કામ અર્થે અત્રે આવેલ એક જ્ઞાતિજન જાણે કે અમારા માટે ''દેવદૂત'' બનીને આવ્યા. વાત-વાતમાં અમારી મૂંઝવણ તેમને ધ્યાનમાં આવી. તેમણે ખરેજ પોતાની વિશાળ ઓળખાણથી અમારા કુટુંબ માટે લાયક કન્યા શોધી આપી. પોતાના ભરચક કાર્યક્રમોમાંથી કેટ કેટલીવાર બન્ને પક્ષ માટે મધ્યસ્થની ભૂમિકા ભજવી અને કેટલા બધા ટેલીફોન કર્યા અને જ્યારે વેવિશાળ પાકું થયું ત્યારે નિશ્ચતતા થઈ.

ધન્ય છે. એ 'દેવદૂત' સમાન જ્ઞાતિજનને, એ છે હુબલીમાં રહેતા **'પદમકુમાર ધનજી નાગડા'** – 88925 52607 જો આવા મધ્યસ્થી મળી જાય તો સગપણની જટીલ સમસ્યાનો જલ્દી અંત આવે.

**– એક જ્ઞાતિજન**


## ઘાટકોપરમાં ડિઝાઈન સેન્ટર માટે

અનુભવી **Graphics Designer :** Corel Draw, illustrator, Indesign, Photoshop જાણકાર

અનુભવી **Accountant :** Tally ERP 9, with Word, Excel જાણકાર

**Other Vacancy :** પ્રીટીંગ પ્રેસ માટે માર્કેટીંગ એક્ઝ્યુકેટીવ, બાઈંડર્સ અને હેલ્પર જોઈએ છે.

પગાર લાયકાત મુજબ.

સંપર્ક : **98211 54326** સમય : ૧૦ થી ૭ કલાકે

Please send Cvs to : info@**chintangraphics.co**

અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ - ચણીયાચોળી - ઘરચોળા - બોર્ડરો પાનેતર - બાંધણીઓ
મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

ઝવેરીબજાર શાખામાં સેમ્પલ સાડીઓનું ક્લીયરન્સ ચાલુ છે.

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨.
**Tel. : 22413995 / 22402786**
૨૮, ગની મેન્શન, શૉપ નં. ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.) કિંગ્સ સર્કલ, મુંબઈ -૧૯.
ફોન : **2404 3995 / 93222 58574**

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસ ક્રમ શ્રુત - સન્માન સમારોહ

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા એવં શુભ આશીર્વાદ થી ચાલતાં સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમના આ વરસે ૯૦૦ થી અધિક વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી. ૨૭૭ વિદ્યાર્થીઓએ 'સમ્યગ્જ્ઞાન વિશારદ' ની સ્નાતક પદવી મેળવી ત્રણે વર્ષના શ્રેષ્ઠ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન શેઠશ્રી નરશી નાથા સભાગૃહનાં રવિવાર તા. ૧૦ મે ના ભાંડૂપ કરવામાં આવેલ. માસ્ટર ઑફ જૈનિઝમ માટે વાચક પ્રવર ઉમાસ્વાતિ વિરચિત ''શ્રી તત્વાર્થ સૂત્ર'' નું વિમોચન કરવામાં આવ્યું. ગ્રંથ પ્રકાશનનો લાભ શ્રુતજ્ઞાન પ્રેમી શ્રીમાન રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે લીધેલ. હેમાંગભાઈ ધરમશી સહ સહપરિવારે ગ્રંથ વિમાચનનો લાભ લીધેલ.

ત્રણે વરસના ચંદ્રક - શિષ્યવૃત્તિઓનું વિતરણ કરવામાં આવ્યું સાધ્વીજી ભગવંતોને પણ ગુરૂપૂજનાદિથી સન્માનિત કરવામાં આવેલ. દાતા પરિવારનું સન્માન કરવામાં આવ્યું. ગામોગામથી શ્રુત પ્રેમીઓ સારી સંખ્યામાં પધાર્યા હતા. શત્રુંજય એકેડેમી દ્વારા સહુનું બહુમાન કરવામાં આવેલ. મુંબઈના વિવિધ પરાઓમાધી પણ સારી સંખ્યામાં પધારી સહુએ કાર્યક્રમને દિપાવ્યો હતો.

પ.પૂ. વિશ્વલતાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણાઓએ નિશ્રા પ્રદાન કરી હતી. શ્રેષ્ઠ ગુણાંક મેળવી ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ આ પ્રમાણે હતા :

**પ્રથમ વર્ષ : પૂ. સાધ્વીજી ભગવંતો :** ૧) પ.પૂ. અનંતકિર્તિશ્રીજી મ.સા., ૨) પ.પૂ. પ્રીતિસુધાશ્રીજી મ.સા., ૩) પ.પૂ. કલ્પપ્રિયાશ્રીજી મ.સા., **મેડલ વિજેતા :** ૧) સૌ. વીણા મહેન્દ્ર ગાલા - સાંતાક્રુઝ, ૨) સૌ. ડૉ. સુરેખા મહેતા - સોલાપુર, ૩) મુમુક્ષુ કુ. હિરલ મહેશ ગડા - કલ્યાણ, **શિષ્યવૃત્તિ મેળવનાર :** ૧) વિધી વિમલ મહેતા - મીઠાપુર, ૨) ભાવના દીપક કોચર - વાશી, ૩) પ્રવીણ પ્રદીપ શાહ - મઝગાંવ, **મેડલ દાતા :** ૧) શ્રીમતી ઈન્દિરાબેન જયંતિલાલ વિકમશી (જખૌ-ઘાટકોપર), ૨) માતુશ્રી નવલબાઈ વિરચંદ મોમાયા (સાંયરા- ઘાટકોપર), ૩) માતુશ્રી પ્રમિલાબેન વિસનજી ગોસર (બાયઠ-ખંડવા),


**દ્વિતીય વર્ષ : પૂ. સાધ્વીજી ભગવંતો :** ૧) પ.પૂ. ખંતિગુણાશ્રીજી મ.સા., ૨) પ.પૂ. ચૈત્યગુણાશ્રીજી મ.સા., ૩) પ.પૂ. કાવ્યગુણાશ્રીજી મ.સા., **મેડબ વિજેતા :** ૧) દીપા લક્ષ્મીચંદ છેડા - વસઈ, ૨) કલ્પના હિરેન મોમાયા - હૈદ્રાબાદ, ૩) દિપેશ મણીલાલ નાગડા - સાંગલી, **શિષ્યવૃત્તિ મેળવનાર :** ૧) રેખા ચેતના શાહ - જામનગર, ૨) મીતા ખુશાલ લાલકા - કલકત્તા, ૩) હંસા ચુનીલાલ શાહ - જામનગર, **મેડલ દાતા :** ૧) શ્રીમતી પલ્લવી વિરચંદ શિયાળ હ. વિમલાબેન (જખૌ-નાંદેડ), ૨) એક જ્ઞાનભક્ત પરિવાર - મહારાષ્ટ્ર, ૩) માતુશ્રી રમાબાઈ ગોવિંદજી દંડ (લાલા-નાંદગાવ)

**તૃતીય વર્ષ : પૂ. સાધ્વીજી ભગવંતો :** ૧) પ.પૂ. સંસ્કારનિધીશ્રીજી મ.સા., ૨) પ.પૂ. વિશ્વકિર્તીશ્રીજી મ.સા., ૩) પ.પૂ. જિનયશાશ્રીજી મ.સા., **મંડળ વિજેતા :** ૧) સૌ. હર્ષદા કિશોર શાહ - ઔરંગાબાદ, ૨) મધુ હિરેન્દ્ર શાહ - અંધેરી, ૩) ભાવના ભરત સાવલા - આકોલા, **શિષ્યવૃત્તિ મેળવનાર :** ૧) જ્યોતિ પ્રવીણ લાલન - અંકલેશ્વર, ૨) મીના કીરીટ મોમાયા - જલગામ, ૩) મોનિકા અરવિંદ રાંભીયા - વાશી, **મેડલ દાતા :** ૧) શ્રી ક.દ.ઓ. જૈન મહાજન (ગદગ), ૨) શ્રી પાર્શ્વ-જય ચેરીટેબલ ટ્રસ્ટ, ૩) શ્રીમતી મણીબાઈ કાંતિલાલ મૈશેરી (જખૌ-ગદગ)

કાર્યક્રમને સફળ બનાવવા કાશ્મીરાબેન, દલેશભાઈ, મનિષભાઈ, રાજેશભાઈ, કુમારભાઈએ ઘણીજ મહેનત કરી છે. અભ્યાક્રમની સંપૂર્ણ જવાબદારી સંભાળનાર સુશ્રાવક વિનોદભાઈ-કાશીમરાબેન, તરલાબેનનું સંસ્થા તરફથી બહુમાન કરવામાં આવેલ.

## મુલુંડમાં મહાકાલી ભાવના


શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના રવિવાર ૩૧ મે ૨૦૧૫ ના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયમાં રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર-માંડવી વાળાએ લીધેલ છે. આવતા માસની ભાવના ૨૮ જૂન ૨૦૧૫ ના થશે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર-ભરૂડીયા વાળાએ લીધો છે.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## રાયપુરના કંથુનાથ જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ

રાયપુરના શ્રી કુંથુનાથ જૈન શ્વેતામ્બર મંદિરનો ૧૪મો ધ્વજારોહણ મહોત્સવ તા. ૦૫.૦૫૨૦૧૫ના રોજ ખરતર ગચ્છના મુનિશ્રી વિવેક સાગરજી મ.સા. અને મુનિશ્રી ઋષભ સાગરજી મ.સા. આદિઠાણા ની નિશ્રામાં વિધિકાર શ્રી વિમલચંદજી ગોલછા અને શ્રી અશોક ગુરૂજી સંગીત પાર્ટીના માર્ગદર્શનમાં વિશાળ જિન ભક્તોની હાજરીમાં સંપન્ન થયો.

કાયમી ધ્વજારોહણ પરિવારો માતુશ્રી નેણબાઈ કેશવજી તેજપાલ શાહ, માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા-હૈદ્રાબાદ, શ્રી સોનરાજજી હરખચંદજી કોચર પરિવારે સધાર્મિક સ્વામિવાત્સલ્યનો લાભ લીધેલ. નવકારશીનો લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી મૈશેરી પરિવાર હતો. સત્તરભેદી પૂજા નો લાભાર્થી માતુશ્રી મુરબાઈ જવેરચંદ શાહ પરિવાર, પ્રભુજીની મુખ્ય આરતીના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી મૈશેરી, મંગલ દીપકના લાભાર્થી માતુશ્રી ચંપાબેન ઉમરશી શાહ, અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણોદય સાગર સુરીશ્વર દાદા ગુરૂજી, ગુરૂવર્ય પ.પૂ. શાંતિ વિજય દાદાગુરૂજીની આરતી મંગલ દીપકના લાભાર્થી શ્રીમતી મંજુલાબેન ફુલીનકાંત જૈન (જીવાણી), શાંતિ કલશના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન શિવજી શાહ પરિવાર હતા. રાત્રે પ્રભુ ભક્તિ થયેલ.

## હુબલીમાં ફાગણી તેરસની દબદબાભેર ઉજવણી

ફાગણી તેરસના શ્રી શત્રુંજય મહાતીર્થે છ ગાઊની યાત્રાની દરવર્ષે દબદબાભેર ઉજવણીનું આયોજન થાય એજ રીતે હુબલી તીર્થે શ્રી અજીત સ્નાત્ર મંડળે હુબલી થી પાંચ કિલોમિટરના અંતરે આવેલ શ્રી દાદાવાડી સ્થાનકે શ્રી આદીનાથ દાદાના મંદિરે ભાવપુર્વક સ્નાત્રપુજા ભણાવી બાદ તીર્થાધીરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ ની ભાવના કરાવેલ.

ભાવના બાદ મંડળની મિટીંગનું આયોજન પણ ત્યાંજ કરવામાં આવેલ, એ દરમ્યાન ''નેમ હાઊસી''ની રમત રમાડવામાં આવેલ. જેમાં સૌ. સુમિત્રાબેન શાંતિલાલ લાલકા તથા સૌ ચેતનાબેન પ્રવિણ મોમાયા વિજેતા રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન લીંબુ શરબતની વ્યવસ્થા સૌ ચેતનાબેન કીરણ પટેલ તરફથી કરવામાં આવેલ.

## પુણેના જ્ઞાતિજનોનું પુણેના જ્ઞાતિજનો માટેનું સમયાનુરૂપ મેગેજીન શ્રી કે.ડી.ઓ. જૈન કોમ્યુનિટી પુણે

જે શહેરોમાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોની વસતિ નોંધપાત્ર છે અને સતત વધતી રહી છે એવા શહેરોમાંથી એક છે પુણે. આવનારા દિવસોમાં પણ આમાં સતત વધારો થતો રહેવાનો છે. એક જમાનાનું પરંપરા પ્રિય શહેર પુણે હવે આઈટી વ્યવસાયના આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે આંતરરાષ્ટ્રીય શહેર બન્યું છે.

અત્રેનાં જ્ઞાતિજનોએ ૧૯૯૩ - ૯૪ થી પોતાની જાતને સંઘ રૂપે સંગઠિત કરી સમાજ જીવનનો પ્રારંભ કર્યો. એક વર્ષમાં મહિલા મંડળની પણ સ્થાપના થઈ.

મુંબઈમાં જેમ જ્ઞાતિનો વસવાટ ફેલાતો ગયો તેમ કેન્દ્રો વિકસતા ગયા પણ સહિયારી છાપ ધૂંધળી થઈ. આવું પુણેમાં ન બને એટલે ત્યાંના હોંશિલા યુવા હૃદયી જ્ઞાતિજનોએ શ્રી. કે.ડી.ઓ. જૈન કમ્યુનિટીને નામે દર બે માસે પ્રગટ થતું સામયિક શરૂ કર્યુ. અત્યાર સુધી જાન્યુઆરી-ફેબ્રુઆરી અને માર્ચ-એપ્રિલ એમ વર્ષ ૨૦૧૫માં બે અંક પ્રગટ થયા છે.

આ સંપૂર્ણ ફોર કલર મેગેજીનમાં જ્ઞાતિના ભવ્ય ભૂતકાળ સાથે જોડાવવા તથા એક મેક સાથે જોડાયેલ રહેવાનો પુરુષાર્થ દેખાઈ આવે છે. ગુજરાતી - અંગ્રેજી દ્વિભાષી ફોરકલર મેગેજીનનું એકંદર સ્વરૂપ પ્રોફેશનલ સામાયિક જેવું છે.

સાથે સાથે પુણેની પ્રતિભાઓની કલમની પ્રસાદી પણ પીરસવામાં આવી છે. સૌથી વિશેષ મહત્વ અપાયું છે પુણેની યુવા પ્રતિભાઓને. તેવી જ રીતે ધર્મપણ મહત્વ અપાયું છે. - એક પ્રશંસનીય પ્રયાસ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનનો દરમહિને ત્રણેક કાર્યક્રમો કરી રહ્યું છે. પ્રારંભા કાર્યક્રમોમાં દેવગુરૂની કૃપા મેળાવવા સાથે મહિલાઓ અને યુવાઓને પ્રાધાન્ય આપાયું છે યે ખુશીને વાત છે. આશા જ નહી શ્રદ્ધા છે આ ટેમ્પો વધતો જ જશે.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

સ્વરૂચી ભોજનની વ્યવસ્થા શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્ર તરફથી રાખવામાં આવેલ. કાર્યક્રમમાં મંડળની બહેનો તેમજ અતિથીગણ મળી લગભગ સો એક જણાની હાજરી રહી હતી.

કાર્યક્રમનું સંચાલન સૌ પુર્ણિમાબેન વિકમશીએ કરેલ સાથે સૌનો સાથ રહ્યા હતો.

### સોનથરી ગ્રુપની પિકનિક

સોનથરી ગ્રુપની બે દિવસની પિકનિક તા. ૯ અને ૧૦ મે ના લોનાવલા ખાતે જયહિંદ મહાવીર હેલ્થ કેર સેન્ટરમાં યોજવામાં આવેલ હતી.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી

શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી દ્વારા પ્રમુખશ્રી જ્યોત્સનાબેન મૈશેરીના નેજા હેઠળ અલીબાગની એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે બોટ દ્વારા ગેટવે ઑફ ઇન્ડીયા થી પ્રસ્થાન કરી, માડંવા બંદર પર પહોંચી કચ્છી ભવનમાં શ્રી નમીનાથ દાદાના દર્શન કરી સૌ ભાવ વિભોર બની ગયા.

બીચ પર જઈ ને કોલાબા કીલ્લાની પગપાળા તથા ટાંગા માં બેસી મુલાકાત લીધી હતી. બીચ પર મોટર બાઈક, ઉંટ તથા ટાંગાની સવારી કરી. કચ્છી ભવન આવીને બપોરનું ભોજન આરોગી આરામ કરી મજાની ગેમ રમ્યા હતા. બપોરે બસ દ્વારા અલિબાગ થી સાયન પહોંચ્યા હતા. યાત્રામાં ૩૧ જણ જોડાયા હતા. ચાના દાતા શીલાબેન રતિલાલ મોમાયા – વરાડીયા અને દીમીબેન ચંપકભાઈ જીવાણી હતા. નિરૂપમાબેન અને અનીતાબેન ભરત લોડાયા તરફથી સહયોગ મળો હતો. શ્રી પ્રગતિ મહિલા મંડળ ની બહેનો એ સરસ સાથને સહકાર આપેલ.

### મેંગલોરમાં ચૈત્ર માસની ઓળી

મેંગલોરમાં આ વર્ષની શાશ્વત આયંબીલની ઓળીના લાભાર્થી **માતુશ્રી ચંપાબાઈ લખમશી દંડ-આણંદ પરિવાર હસ્તે કેતન લખમશી દંડ** હતો. ઘરની વહુઓએ જાતે આયંબીલની રસોઈ બનાવીને પીરસી હતી. કેતનભાઈએ સર્વે તપસ્વીઓને ઘરે બોલાવી ભાવથી પારણાં કરાવેલ અને તપસ્વીઓને હોટ પેકની પ્રભાવના કરેલ.

### શ્રી અનંતનાથ ડેવલપર્સના ટાઉનશિપમાં પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન પધરામણી

શ્રી અનંતનાથ ડેવલપર્સના દિવા પૂર્વમાં આવેલા અગાસન પ્રોજેક્ટમાં એક શિખર બંધ દેરાસરનું નિર્માણ કરવાની ડેવલપર્સની હાર્દિક ભાવના છે. આ સંબંધમાં ગુરૂવાર, તા. ૭/૫/૨૦૧૫ ના પ.પૂ.આ. ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા સાધુગણના પાવન પગલા આ વિશાળ ટાઉનશિપ આગાસનમાં થયા હતા.

આચાર્ય સાહેબે જ્યાં દેરાસર નિર્માણ થવાનું છે, તે જગ્યાએ ભૂમિ પવિત્રીકરણ વિધી કરી હતી.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશીર્વાદ અને માર્ગદર્શને પાચોરા મધે પણ ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ કરેલ છે. દર શનિવારે આ કાર્ય કરવામાં આવે છે.

ચંદ્રકાંત મેઘજી લોડાયા હસ્તે ચંદ્રકાંતભાઈ – ૫ જમણ શનિવાર, સૌ લેખાબેન સુશીલ સોની (પુના), તેજકૃણાલ અનીલ મોતા, કાન્તાબાઈ પ્રતાપ લોડાયા, નવીનચંદ્ર મુલજી સોની (ભુજ), બ્રિન્દા તથા વિજયાબાઈ મેઘજી લોડાયા, પ્રતાપ કલ્યાણજી ધરમશી, સૌ. રચના તથા મેહુલકુમાર નવીનચંદ્ર સોની, સૌ. હંસિકા તથા કૃણાલ અનિલભાઈ મોતા (અંધેરી), શ્રી દત્તજયંતી (પાચોરા), વિજયાબાઈ મેઘજી લોડાયા (પાચોરા), હંસિકા કૃણાલ મોતા (અંધેરી), ખીમજી રૂપશી મૈશેરી (દહીસર), ગુલાબચંદ વેલજી દંડ (હુબલી), શ્રેયા સુશીલ સોની અને પ્રજ્ઞા ચેતન મૈશેરી (દહીસર),

**કાયમી તિથિના દાતા :** પ્રતાપ કલ્યાણજી ધરમશી (મુલુન્ડ), મહેન્દ્ર રાયચંદ નાગડા (બરોડા) અને રતનબાઈ કાનજી ધુલ્લા (બરોડા).



**પાસ થયા અભિનંદન**

હેમાંશી કે. દંડ

ભરૂડીયા – ડોંબીવલી

SY.B.Com - Sem. IV - 70%

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press



પ્રકાશ સમીક્ષાના અંક નં ૧૮ મુમુક્ષુ હેતલબેન દીક્ષા મહોત્સવ વિશેષ અંકમાં ૧૩મા પાને આ બન્ને ફોટા નીચેના લખાણો અદલાબદલી થઈ ગયેલા તે બદલ દિલગીર છીએ.

માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા જખૌ પરિવાર



મુરજી રતનશી ગોશર પરિવાર

**શ્રી જખૌ પાજરાપોળ ટ્રસ્ટ : જીવદયા સહાયતા માટે વિનંતી**

ગત વર્ષનું ચોમાસું નિષ્ફળ જવાથી કચ્છ પ્રદેશ અને વિશેષ અબડાસા પ્રદેશમાં દુષ્કાળની પરિસ્થિત છે. શ્રી જખૌ પાંજરાપોળ હાલમાં ૧૧૮ ઢોર થઈ રહ્યો છે. અછત અને કારમી મોંઘવારીના કારણે દરરોજના અંદાજે રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલો ખર્ચ છે. જીવદયા પ્રેમી, ઉદાર, સખી, દિલેર દાતાઓને તથા સંઘો, સંસ્થાઓને આ ભગીરથ કાર્યમાં અમને સહાય કરવા વિનંતી.

સંપર્ક : મહેન્દ્ર દેવજી ખોના - ૦૯૩૨૩૯૧૭૦૭૫, કિશોર ખીમજી (કાયાણી) ખોના - ૦૯૯૨૦૧૯૫૫૫૧

**તા. ૧૩-૩-૨૦૧૫ થી રૂા. ૫,૦૦૦ કે તેથી વધુ રકમના દાતાની યાદીમાં ભૂલ સુધાર**

**રૂા. ૨૦,૦૦૦ ચિ. જીગત ભરત મૈશેરી - જખૌ (માતુશ્રી હીરબાઈ ત્રીકમજી મૈશેરી, શ્રી પદમશી માણેકજી મૈશેરી)**

---

**જીવનચક્ર પાના નં ૨૫ ભૂલ સુધાર :** સગપણમાં ૧ નોંધમાં કન્યાનું નામ છાપવાનું રહી ગયું હતું જે આ પ્રમાણે છે

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૫-૧૫ | ઈટારશી | લોકેશ વિજય શીવજી લોડાયા | નલીયા | ૨૬ |
| | બુરહાનપુર | કરીશ્મા નિલેશ તારાચંદ પોલાડીયા | ડુમરા | ૧૮ |

---

**જીવનચક્ર પાના નં ૨૬ ભૂલ સુધાર**

**આંતરજ્ઞાતિ સગપણમાં છેલ્લુ નામ વિપુલ પુનમચંદ વેરસી સોની (ડોંબીવલી-વાંકુ) અને દિવ્ના નરેન્દ્ર ઉમરસી ધરમશી (મુલુંડ-ભરૂડીયા) ઓપરેટરથી થયેલ ભેળસેળને કારણે છપાયું છે તે રદ સમજવું.**

**લગ્નમાં છપાયેલ આ નોંધ હકીકતમાં છુટા છેડાની છે**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૪-૧૫ | ડોંબીવલી | વિપુલ પુનમચંદ વેરસી સોની | વાંકુ | ૨૯ |
| | થાણા | ખશ્બુ પ્રકાશ રતિલાલ દંડ | લુણી | ૨૭ |

---

**મસ્જિદબંદરના અનંતનાથ જિનાલય પાસે શ્રી વિનોદભાઈ રાયચંદ ચોકનું લોકાર્પણ (છેલ્લા કવરપરથી ચાલુ)**

આ નિમિત્તે પૂ.પૂ. યતિશ્રી મોતીસાગરજીની નિશ્રામાં એ,બી અને ઈ વોર્ડ પ્રભાગ સમિતિના અધ્યક્ષ શ્રી જાવેદ જુનેજાની અધ્યક્ષતામાં યોજાયેલા સમારંભમાં શ્રી ઓલ ઈંડીયા જૈન શ્વેતામ્બર કોફરન્સના પ્રમુખ શ્રી ચંપકલાલ વર્ધન, શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી હેમરાજ ગોસર અને જયંતભાઈ સોની, અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શામજીભાઈ દંડ, શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કિરીટભાઈ લાપસીયા તથા મુંબઈ જૈન પ્રત્રકાર સંઘના અધ્યક્ષ જયંતીભાઈ શાહ આદિએ અતિથી વિશેષરૂપે સદગતને ભાવભરી આદરાંજલિ આપી હતી.

માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર (સુથરી-મુલુંડ) દ્વારા આયોજીત આ કાર્યક્રમને શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી મસ્જિદબંદર ક.દ.ઓ જૈન સંઘને સહયોગ પ્રાપ્ત થયો હતો. વિનોદભાઈના પ્રેરણામુર્તિ તરીકે માતુશ્રી લક્ષ્મીબાઈની પણ ભાવભરી અનુમોદના કરવામાં આવી હતી. સમારંભનું સંચાલન ચીમનભાઈ મોતા અને રમેશભાઈ લોડાયાએ કર્યું હતું.


શુભેચ્છાઓ સહ...
સાંઘવ રત્ન
શ્રી મૂલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **લક્ષ્મીચંદ મણીલાલ મોતા** | ૩૦૩, શાંતીપદુ સદન, નાંદીવલી ટેકરી, પ્રીતમબારની સામે, ડોંબીવલી (પૂર્વ). મો. **93239 93264** |
| **ધનજી ડી ધરમશી** | ડી-૧, ન્યુ અલકનંદા સોસાયટી, રૂમ નં. ૫-૮, સેક્ટર ૧૪, વાશી, નવીમુંબઈ - ૪૦૦ ૭૦૩. ફોન : **022-2788 1607** |
| **પ્રેમચંદ વીશનજી દંડ** | P. C. 32, વર્ધમાન નગર, ભુજોડી, ભૂજ, કચ્છ. મો. **90995 10083** |
| **દેવિકા અમૃતલાલ પોલડીયા** (શાહ) | એ/૪, શુભંકર અપાર્ટમેન્ટ, ૧લે માળે, શ્રીનગર કોલોની, મહાબલ એરીયા, જલગાંવ - ૪૨૫ ૦૦૧. મો. **93239 93264** |
| **હિરાચંદ જે. નાગડા** | એ-૧૦, આશિર્વાદ કો.હા. સો., ૨જે માળે, ગુણસાગર નગર, જૈન મંદિર પાસે, સ્ટેશન રોડ, કલવા (પશ્ચિમ) - ૪૦૦ ૬૦૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૪.૧૫ | ડોંબિવલી | **ત્રીશા** / મિતલ ગીરીશ ધરમશી | રંગપૂર | પુત્રી |
| ૨૧.૪.૧૫ | કોચીન | **વિરાજ** / ઉર્વિશા નિરજ પ્રવીણ લોડાયા | નલીયા | પુત્ર |
| ૮.૫.૧૫ | હૈદરાબાદ | **ધ્રુવી** / પ્રાચી કિરણ ઝવેર લાલકા | - | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૪.૧૫ | આદિપૂર | **આશિષ** હરીશ ખીમજી લાલકા | વારાપધર | ૨૫ |
| | કોચિન | **સારિકા** પ્રતાપ કાનજી લોડાયા | માંડવી-કોઠારા | ૨૨ |
| ૧૨.૫.૧૫ | ડોંબિવલી | **ચંદ્રેશ** મણીલાલ દેવશી ખોના | મંજલ | ૩૫ |
| | ડોંબિવલી | **કિન્નરી** રતીલાલ વેલજી લોડાયા | તેરા | ૩૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૪.૧૫ | સાયન | **પ્રતિક** હરેશ હિરજી ખોના | નલિયા | ૨૬ |
| | સાયન | **કોનિકા** નીતિન દેઢિયા | ગઢશીશા | ૨૫ |
| ૩.૫.૧૫ | કોચીન | **લેનીન** જીતેન્દ્ર પદમશી ધરમશી | સાંયરા | ૩૦ |
| | રતલામ | **સંધ્યા** વેંકટેશ્વર ચૌહાણ | રતલામ | ૨૩ |

### મુંબઈ મહાજન શ્રીના ૭૪ માં સમુહલગ્નમાં થયેલ લગ્નો

| | | | |
|---|---|---|---|
| ૨.૫.૧૫ | જલગાંવ | **જીનેશ** ધનરાજ વાલજી મોતા (શાહ) | સુથરી |
| | કાંકરોલી-રાજ. | **નેહલ** હિરાવંતી માણેકજી દંડ | લાલા |
| ૨.૫.૧૫ | આદીપુર | **મનન** ભરત લાલજીભાઈ લોડાયા | વારાપધર |
| | ડોંબિવલી | **તેજાલી** પંકજ ભવાનજીભાઈ લાલકા | વારાપધર |
| ૨.૫.૧૫ | ડોંબિવલી | **દિપેશ** નવીનચંદ ઉમરશી મૈશેરી | લાલા |
| | અબડાસા | **ધરા** વસંત કુંવરજી મોમાયા | વરાડીયા |
| ૨.૫.૧૫ | કલ્યાણ | **દિપેશ** જયચંદ માણેકજી શિયાલ | જખૌ |
| | અમદાવાદ | **કિંજલ** મહેશ રાઘવજી મૈશેરી | લાલા |
| ૨.૫.૧૫ | કેરલા | **મેહર** વિજય ભવાનજી લોડાયા | નલિયા |
| | શાહપુર | **મહેક** પ્રદીપ મુલજી શાહ | સુથરી |

### મુંબઈ મહાજન શ્રીના ૭૪ માં સમુહલગ્નમાં થયેલ આંતરજ્ઞાતિય લગ્નો

| | | | |
|---|---|---|---|
| ૨.૫.૧૫ | ડોંબિવલી | **અંકીત** પરેશભાઈ ડુંગરશી લાપસીયા | દલતુંગી |
| | મુલુન્ડ | **વિધી** કિરીટભાઈ ખાંતીલાલ જસાણી | પાલડી |
| ૨.૫.૧૫ | નવીમુંબઈ | **રીતેશ** રાજેન્દ્ર પ્રવિણચંદ્ર ધરમશી | સેવક ભરૂડીયા |
| | મુલુન્ડ | **માનસી** બિપીન મુળજી ગુઢકા | નવાગામ-જામનગર |

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ગેટ ટુગેધર કાર્યક્રમ (વધુ તસવીરો ૧ લા અને ૨ જા પાને)



શ્રી વીરચંદભાઈ લાલજી મુનવર વતી
શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયાના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના પુત્ર



શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી
શ્રી હેમરાજ મેઘજી ગોસરનું બહુમાન કરતા
શ્રી શાંતિલાલ જીવરાજ નાગડા



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના
માનદ્‌મંત્રી
શ્રી રમેશભાઈ હીરજી લોડાયાનું બહુમાન



સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી અને સમાજસેવી
શ્રી કુલિનકાંત ચાંપશી લુઠીયાનું બહુમાન
કરતા શ્રી કેતનભાઈ વિકમશી



સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી અને શ્રી અનંતનાથજી
ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ પાશ્વીર નાગડાનું
બહુમાન કરતા શ્રી મધુકાંતભાઈ ખોના



સંસ્થાના ગૃહપતિ શ્રી વિનોદભાઈ જેતશી ધુલ્લા
વતી શ્રી જીવરાજ કિલ્લાચંદ લોડાયાના હસ્તે
બહુમાન સ્વીકારતા તેમના પુત્ર અને પુત્રી



જુના સંસ્મરણો યાદ કરતા
ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પ્રતીક નાગડા



જુના સંસ્મરણો યાદ કરતા
ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અનુજ લોડાયા



જુના સંસ્મરણો યાદ કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થી
શ્રી રમેશભાઈ ખોના



વર્તમાન
વિદ્યાર્થીઓ તથા
વોલિન્ટર્સ

**C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday**
**Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015**
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી સુથરી મહાતીર્થે અઢાર અભિષેક તથા ૧૧૬ મા ધજા મહોત્સવની ઝલક

શ્રી સુથરી મહાતીર્થે શ્રી ઘૃતકલ્લોલ દાદાની છત્ર છાયામાં વૈશાખ સુદ ૮ ને રવિવાર તા. ૨૬/૪/૨૦૧૫ ધજાનો કાયમી હકધરાવનાર



પોપટલાલ સાકરચંદ એન્ડ કાં. મદ્રાસવાળા શ્રી પ્રેમચંદભાઈના કુટુંબીજનો તરફથી ૧૧૬ મો ધજા મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. દર વરસની જેમ સાધર્મિક ભક્તિનો લાભ પણ એમણે જ લીધો હતો.



વિધિ વિધાન માટે ભુજથી શ્રી કેવલભાઈ એન્ડ મંડળી પધારેલ. શ્રી મૂળનાયકનો અઢાર અભિષેકનો લાભ ૭૦૦૦ મણમાં મુંબઈથી પધારેલ માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર પરિવારે લીધેલ.



આ પ્રસંગે શ્રી ચીતુભાઈ નરસી, શ્રી કીર્તીભાઈ લોડાયા, શ્રી અશોકભાઈ મોતા, શ્રી ચેતનભાઈ મોમાયા, શ્રી ડોલરભાઈ શાહ સહપરિવાર હાજર રહેલા. ભુજ-સાંયરા-સાંધાણથી પણ સારી સંખ્યામાં ભાવિકો પધારેલ.



# મસ્જિદબંદરના અનંતનાથ જિનાલય પાસે શ્રી વિનોદભાઈ રાયચંદ ચોકનું લોકાર્પણ





મસ્જિદ બંદરમાં નરશીનાથ સ્ટ્રીટ અને અભયચંદ ગાંધી માર્ગના જંકશન તથા શ્રી અનંતનાથ જિનાલય પાસે જૈન સમાજરત્ન શ્રી વિનોદભાઈ રાયચંદ ચોકનું લોકાર્પણ તેમની પ્રથમ પુણ્યતીથી તા. ૧૧/૫/૨૦૧૫ ના અગલા દિને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શ્રી મિલિંદ દેવરા તથા વિધાન સભ્ય અમીન પટેલના હસ્તે થયું હતું



અનુસંધાન ૨૪ મા પાને

# કે.ડી.ઓ. ક્લાસીક નો સંગીત દ્વારા સારવાર કાર્યક્રમ

શ્રી કે.ડી.ઓ. ક્લાસીક સંસ્થાએ શનિવાર તા. ૯/૫/૨૦૧૫ ના ડો. રાહુલ જોશીના સંગીત દ્વારા સારવાર વિશે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે નદીમ-શ્રવણ સંગીતકાર જોડીના શ્રવણ રાઠોડ મુખ્ય અતિથી રૂપે તથા જયંતીલાલ ગોસર અને મનિષ ડાઘા અતિથી વિશેષ રૂપે ઉપસ્થિત હતા.



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,